RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 129* Date: 27.02.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દિલ્હી લીકર પોલિસી કેસઃસીબીઆઇ દ્વારા સિસોદિયાની પૂછપરછ કરાઇ

નવીદિલ્હી,તા.૨૬

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા લીકર પોલીસી કેસમાં પૂછપરછ માટે સીબીઆઇ સમક્ષ હાજર થયા હતા.સીબીઆઇ દ્વારા સિસોદિયાની પૂછપરછ કરવામાં આવી છે. તેઓ તેમના સમર્થકો સાથે તેમની કારમાં તપાસ એજન્સીની ઓફિસ જવા રવાના થયા હતા. આ દરમિયાન પાર્ટી સમર્થકોએ કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.સીબીઆઇ ઓફિસે પહોંચતા પહેલાં મનીષ સિસોદિયા રાજઘાટ ગયા હતા અને થોડા સમય માટે મૌન રહી પ્રાર્થના કરી હતી આ પ્રસંગે આપના નેતા સંજય સિંહ સહિતના નેતા તેમની સાથે હતો આ પહેલાં મનીષ સિસોદિયા તેમનાં માતાને મળવા ગયા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા. સિસોદિયા સીબીઆઇ ઓફિસે લગભગ ૧૫ મિનિટ મોડા પહોંચ્યા હતા.

બીજીબાજુ મનીષ સિસોદિયાની પુછપરછને ધ્યાનમાં રાખી દિલ્હી પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી હતી. સીબીઆઈ હેડક્વાર્ટરની આસપાસ દોઢ હજાર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં. લાલા લજપત રાય માર્ગ સહિત મોટી સંખ્યામાં સમર્થકો આવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને લોધી કોલોની સ્થિત સીજીઓ કોમ્પ્લેક્સની આસપાસના તમામ માર્ગો સવારે બંધ કરી દેવામાં આવ્યા હતાં

દિલ્હી પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે આપના કાર્યકરો કોઈપણ પ્રકારનો હોબાળો ન કરે અને તેમને રોકવા



માટે મોટી સંખ્યામાં પોલીસ જવાનોને તહેનાત કરવામાં આવ્યા હતાં સમગ્ર વિસ્તારમાં ૧૪૪મી કલમ લાગુ કરવામાં આવી છે જો કે આપના કાર્યકરો દ્વારા ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં દિલ્હી સરકારના મંત્રી ગોપાલ રાય સહિત અનેક સમર્થકોને પોલીસે કસ્ટડીમાં લીધા હતાં પોલીસનું કહેવું છે કે કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે તેમની અટકાયત કરવામાં આવી છે.

સીબીઆઇ ઓફિસે પહોંચતા પહેલાં સિસોદિયાએ કહ્યું, ‘હું તમને કહેવા માગું છું કે મને શાળાઓમાં ભણતાં બાળકો ખૂબ ગમે છે. એવું ન સમજતા કે શિક્ષણમંત્રી મનીષ ચાચા જેલમાં ગયા, હવે તો રજા પડી ગઈ. કોઈ રજા રહેશે નહીં. મારી અપેક્ષા મુજબ મહેનતથી અભ્યાસ કરજો. મન લગાવીને ભણજો. સારા માર્ક્સે પાસ થવાનું છે. જો મને ખબર પડશે કે અમારાં બાળકોએ બેદરકારી દાખવી તો મને દુઃખ થશે. જો મને આવી ખબર પડી તો હું ખાવાનું છોડી દઈશ.

મનીષ સિસોદિયાએ રાજઘાટ ખાતે કહ્યું હતું કે તેમની પત્ની બીમાર છે અને ઘરે એકલી છે, તેમની સંભાળ રાખવા વિનંતી કરી કારણ કે તેમનો પુત્ર પણ યુનિવર્સિટીમાં ભણે છે. આ અંગે અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મનીષ સિસોદિયા, અમે તમારા પરિવારનું ધ્યાન રાખીશું, ચિંતા કરશો નહીં. સિસોદિયાએ લોકોના નામે એક સંદેશમાં કહ્યું હતું કે જ્યારે હું ટીવી ચેનલમાં હતો, ત્યારે સારી એવી સેલેરી હતી, એક્કર હતો. જીવન પણ સારું ચાલી રહ્યું હતું. તે બધું છોડીને હું કેજરીવાલની સાથે આવી ગયો. ઝૂંપડપટ્ટીમાં રહેતા લાકો માટે કામ કરવા લાગ્યો હતો.

હવે આજે જ્યારે આ લોકો મને જેલમાં ધકેલી રહ્યા છે, ત્યારે મારી પત્ની ઘરે એકલી રહે છે, તે બીમાર રહે છે, પુત્ર યુનિવર્સિટીમાં ભણે છે. તમારે તેમનું ધ્યાન રાખવાનું છે.

નાયબ મુખ્યમંત્રીની પુછપરછ અંગે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું, ‘આજે સિસોદિયાને પૂછપરછ માટે સીબીઆઇ હેડક્વાર્ટરમાં બોલાવવામાં આવ્યા છે. મને સૂત્રો પાસેથી માહિતી મળી છે કે સિસોદિયાની ધરપકડ થઈ શકે છે. આ ખૂબ જ નિરાશાજનક છે.બીજી તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મનીષ સિસોદિયાના સમર્થનમાં ટ્વીટ કર્યું અને લખ્યું, ભગવાન મનીષ તમારી સાથે છે. લાખો બાળકો અને તેમના માતા-પિતાના આશીર્વાદ તમારી સાથે છે. જ્યારે તમે દેશ અને સમાજ માટે જેલમાં જાઓ છો ત્યારે જેલમાં જવું એ અભિશાપ નથી,

કેજરીવાલે આગળ જણાવ્યુ કે, હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તમે જલ્દીથી જેલમાંથી પાછા ફરો. બાળકો, માતા-પિતા અને અમે બધા દિલ્હી તમારી રાહ જોઈ રહ્યા છીએ. જે દેશમાં ગરીબ બાળકોને સારું શિક્ષણ આપનારાઓ અને તે બાળકોનું ભવિષ્ય ઘડનારાઓ જેલમાં હોય અને અબજોનું કૌભાંડ કરનારા વડાપ્રધાનના નજીકના મિત્રો હોય તે દેશમાં કેવી રીતે પ્રગતિ થશે?

દિલ્હીમાં વિવાદાસ્પદ લીકર પોલિસી પર ઘેરાયેલા મનીષ સિસોદિયાની વિરુદ્ધ કાર્યવાહીને મંજૂરી આપી દીધી છે.

ખરેખર સિસોદિયા પર વિપક્ષના નેતાઓની જાસૂસી કરવાનો આરોપ છે. આ મામલે સીબીઆઈએ દિલ્હીના ડેપ્યુટી સીએમ સામે કેસ ચલાવવા માટે ગૃહ મંત્રાલય પાસે મંજૂરી માગી હતી.

ભાજપના સાંસદ મનોજ તિવારીએ આ મામલે કેજરીવાલ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું- દિલ્હીનું ફીડબેક યુનિટ જાસૂસી કરી રહ્યું છે.

આપ છુપાઈને વાતો સાંભળી રહી છે. છછુંના નેતાઓ દિલ્હી માટે કામ નથી કરતા, પરંતુ દિલ્હીના કરદાતાઓના રૂપિયાથી ગેરકાયદે રીતે જાસૂસી કરી રહ્યા છે.

# અમે અમારા બાળકો માટે ચોકલેટ પણ ખરીદી શકતા નથી : અમને આત્મહત્યા કરવાની મંજુરી મળે

### નાસિક જીલ્લાના કિસાનોએ કેન્દ્રની મોદી સરકારને આત્મહત્યા કરવાની મંજુરી આપવાની માંગ કરી

નાસિક,તા.૨૬

નાસિક જીલ્લાના કિસાનોએ કેન્દ્રની મોદી સરકારને આત્મહત્યા કરવાની મંજુરી આપવાની માંગ કરી છે કારણ કે રાજયમાં ડુંગળીની ઓછી કીમતોના કારણે તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કિસાનોએ ડુંગળીની ઓછી કીમતોના કારણે મુશ્કેલીઓનો સામો કરવાની ફરિયાદ કરી અને આરોપ લગાવ્યો કે તેમના માટે પોતાની ઉપજ વેચ્યા બાદ ડુંગળી ઉગાવવા માટે ઉપયોગની રકમની વસુલી કરવાનું પણ મુશ્કેલી થઇ ગઇ છે.નાસિકના એક કિસાને કહ્યું હતું કે મંડીમાં ડુંગળી ૩૦૦-૪૦૦ રૂપપિયા પ્રતિ કિલોગ્રામ વેચાઇ રહ્યાં છે હું પહેલા જ ૩.૫ લાખ રૂપિયા ખર્ચ કરી દીધા છે હું હવે ૧ લાખ રૂપિયો પણ કમાણી કરી શકીશ નહીં

કિસાને કહ્યું કે મને ખબર નથી કે આ મુદ્દાનો કેવી રીતે સામનો કરાય મોદી સરકારને કિસાનોના મુદ્દા પર ધ્યાન આપવું જોઇએ મોદી સરકારને અમારી સૌથી ઓછી ચિંતા છે.કિસાને કહ્યું કે અમને અમારા પોતાના પાકનું યોગ્ય મૂલ્ય મેળવવા માટે હકદાર છીએ.નહીં સરકારે અમને આત્મહત્યા કરવાની મંજુરી આપવી જોઇએ જયારે અમે અમારા બાળકો માટે ૧૦ રૂપિયાની ચોકલેટ ખરીદવાનું પણ વિચારી પણ શકતા નથી તો જીવતા રહી શું કરીશું

જયારે એક મહિલા કિસાને પણ ડુંગળીના ઓછા ભાવ પર નિરાશા પણ વ્યકત કરી અને કહ્યું કે અમારી પાસે એક એકર ક્ષેત્રમાં ડુંગળી છે.મેં સોનું ગિરવે રાખી ડુંગળી વાવી મારો કુલ ખર્ચ ૫૦,૦૦૦ રૂપિયા હતો અને જયારે હું બજાર ગઇ તો મને ૨૦,૦૦૦-૨૫,૦૦૦ રૂપિયા પણ મળ્યા નહીં કેન્દ્ર સરકારે તેની બાબતમાં કંઇ કરવું જોઇએ મહિલાએ કહ્યું કે કેન્દ્રે કીંમત વધારવી જોઇએ અમે અમારા બાળકોની ફી પણ ભરી શકતા નથી અમે ડુંગળી માટે ખુબ મહેનત કરી છે પરંતુ કમનસીબે અમને યોગ્ય કીંમત મળી રહી નથી અમને જીવન સમાપ્ત કરવાની મંજુરી આપવી જોઇએ

એક અન્ય પુરૂષ કિસાને કહ્યું કે અમે ત્રણ ચાર મહીના પહેલા ડુંગળીના વેચાણની તૈયારી શરૂ કરી હતી હવે જયારે અમે બજાર જઇએ છીએ તો અમને ફકત ૩૦૦-૪૦૦ રૂપિયા મળી રહ્યાં છે કિસાનોએ જમીન પર લગભગ ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ રૂપિયા ખર્ચ કર્યો છે.અમે ફકત એક ટ્રેકટર ઉપર ૧૦,૦૦-૧૧,૦૦૦ રૂપિયા મળી રહ્યાં છે કોઇ લાભ થઇ રહ્યો નથી અમને ફકત નુકસાન ઉઠાવી રહ્યાં છીએ કિસાને કહ્યું કે અમે ઇચ્છીએ છીએ કે સરકાર તાકિદે કાર્યવાહી કરે નહીંતર સરકારની વિરૂધ્ધ એક મોટું આંદોલન કરીશું

# લોકસભાની ચૂંટણી સુધીમાં એનસીપીનો ‘ધ એન્ડ’ : ભાજપના સાંસદનો દાવો

મુંબઇ,તા.૨૬

ભાજપ સાંસદ રણજીત સિંહ નિમ્બાલકરે કહ્યું કે,’શરદ પવારની પાર્ટી એનસીપીમાં ઘણા મુખ્યમંત્રી પદની લાલચ ધરાવતા મુંગેરીલાલ છે, જેઓ મેળવવા ઈચ્છે છે. સ્વપ્ન જોવું એ તેમનો મૂળભૂત અધિકાર છે. મુખ્યમંત્રીનું સપનું પૂરું કરવાના ચક્કરમાં શિવસેનાનો અંત આવ્યો. હવે તે પક્ષ નથી રહ્યો, તે નેતૃત્વ નથી રહ્યું. બધું બદલાઈ ગયુ. તેની પાસે ન તો કોઈ નામ હતું કે ન કોઈ નિશાન. દ્રઝ઼ હવે એ જ લાઈન પર છે. બહુ જલ્દી એનસીપીના અસ્તિત્વનું સંકટ આવવાનું છે.’

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રના રાજકારણમાં આઠ મહિના પહેલા એકનાથ શિંદેના સમર્થનમાં શિવસેનાના ૫૫માંથી ૪૦ ધારાસભ્યોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ સામે બળવો કર્યો હતો, શિવસેનાના સમર્થકો ૧૦ અપક્ષ ધારાસભ્યો સાથે સુરત થઈને ગુવાહાટી ગયા હતા અને જયારે તેમણે પરત ફર્યા, તેમણે ભાજપ સાથે સરકાર બનાવી લીધી હતી.

આ મામલો કેન્દ્રીય ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટમાં ગયો. ચૂંટણી પંચે પક્ષનું નામ બદલીને એકનાથ શિંદે રાખ્યું અને સુપ્રીમ કોર્ટ હાલમાં શિંદે-ઠાકરે વિવાદની સુનાવણી કરી રહી છે. બીજેપી સાંસદ રણજીત સિંહ નિમ્બાલકર દાવો કરી રહ્યા છે કે ટૂંક સમયમાં શિવસેનાની જેમ એનસીપીમાં પણ આવી જ સ્થિતિ ઊભી થશે. વધુમાં તેમણે કહ્યું હતુ કે, એનસીપીના જુદા જુદા નેતાઓને ભાવિ મુખ્યમંત્રી તરીકે બતાવવાની સ્પર્ધા ચાલી રહી છે. ત્રણ દિવસ પહેલા એટલે કે ૨૨ ફેબ્રુઆરીએ મુંબઈમા એનસીપી ઓફિસની બહાર સુપ્રિયા સુલેનું પોસ્ટર લગાવવામાં આવ્યુ હતુ. તેમાં લખ્યું હતુ,મહારાષ્ટ્રના પ્રથમ મહિલા મુખ્યમંત્રી. આના એક દિવસ પહેલા ૨૧ ફેબ્રુઆરીએ અજિત પવારનું આવું જ એક પોસ્ટર લગાવવામાં આવ્યુ હતુ, જેમાં તેમને ભાવિ મુખ્યમંત્રી તરીકે પણ દર્શાવવામાં આવ્યા હતા. પરંતુ જો બીજેપી સાંસદ રણજીત સિંહના નિમ્બાલકરની વાત માનીએ તો એનસીપીના આટલા બધા નેતાઓ ભાવિ સીએમ બનવાના સપના ક્યાં જોઈ રહ્યા છે. જો કે આમાંથી કોઈ પણ ભાવિ મુખ્યમંત્રી ત્યારે જ બનશે, જયારે પક્ષનું અસ્તિત્વ અકબંધ રહેશે. ભાજપના સાંસદે એનસીપીના અસ્તિત્વ પર જ પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે અને તેના માટે સમય પણ આપ્યો છે. તેમનું માનવું છે કે ૨૦૨૪ની ચૂંટણી સુધીમાં એનસીપીનો ‘ધ એન્ડ’ થવા જઈ રહ્યો છે.

# ગ્રેટર નોઇડા વેસ્ટની એક સોસાયટીમાં સાંસદ અને ધારાસભ્યના પ્રવેશ પર રોક લગાવાઇ

### સોસાયટીમાં લગભગ ૨૫૦૦ પરિવાર રહે છે,પરંતુ આ સોસાયટીમાં હજુ સુધી એક પણ લાઇટ નથી

નોઇડા,તા.૨૬

ગ્રેટર નોઇડા વેસ્ટની એક સોસાયટીમાં સાંસદ અને ધારાસભ્યના પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી છે.હકીકતમાં સુવિધાઓમાં કમીને લઇ સોસાયટીના નિવાસીઓએ આ નિર્ણય કર્યો છે.લાખોના રોકાણ કરી લોકોએ ઘર ખરીદ્યા છે પરંતુ સોસાયટીની અંદર માળખાકીય સુવિધાઓની પણ કમી છે.સોસાયટીના લોકોએ નિર્ણય કર્યો છે કે તે ભાજપ ધારાસભ્ય અને સાંસદને અંદર આવવા દેશે નહીં અને જો આવશે તો તેમનો વિરોધ કરવામાં આવશે

સુત્રોના જણાવ્યા અનુસાર આ સોસાયટીમાં લગભગ ૨૫૦૦ પરિવાર રહે છે પરંતુ આ સોસાયટીમાં હજુ સુધી એક પણ લાઇટ નથી સોસાયટીના નિવાસીઓનું કહેવુ છે કે ગત પાંચ વર્ષથી એક પણ લાઇટ લગાવવામાં આવી નથી જેને કારણે મોટાભાગનો હિસ્સો અંધારામાં ડુબેલો રહે છે.લોકોએ સવાલ પુછયો છે કે જો કોઇની સાથે કોઇ ઘટના બની જાય તો તેના માટે કોણ જવાબદાર હશે .સોસાયટીના એક વ્યક્તિએ જણાવ્યું હતું કે સમગ્ર સોસાયટીમાં પાર્કિંગ માટે કોઇ જગ્યા નથી લોકો ગમે ત્યાં ગાડીઓ ઉભી કરી દે છે કોઇને ઇમરજેંસીમાં જવું પડે તો રસ્તો પણ મળતો નથી અને અનેકવાર રસ્તામાં જ દર્દીઓના મોત થઇ જાય છે.સોસાયટીમાં રહેતા દિનકર પાંડે નામના વ્યક્તિએ જણાવ્યું હતું કે સોસાયટીની અંદર કિડ્સ વિસ્તાર નથી ૨૫૦૦ પરિવાર રહે છે અમે આ બધી માંગોને સાંસદ ધારાસભ્યની સામે રાખી પરંતુ સ્થિતિમાં કોઇ પરિવર્તન આવ્યું નથી હવે લોકસભા ચુંટણી આવનાર છે આવામાં સમગ્ર સોસાયટીએ મળી ધારાસભ્ય અને સાંસદના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે.જયારે રાજકમલ નામના વ્યક્તિએ જણાવ્યું હતું કે પાર્કિગમાં પાણી ભરેલ છે ઘરોનું બેસ નબળુ છે અમે લાખો રૂપિયા આપી અને દેવું કરી ઘર ખરીદ્યા છીએ પરંતુ અમને શાંતિ થી રહી શકતા નથી અમે સૌસાયટીના તમામ દરવાજા પર બેનર લગાવ્યા છે અને સોશલ મીડિયાના માધ્યમથી જાહેરાત કરી હતી કે અમે અહીં ધારાસભ્ય અને સાંસદને આવવા દઇશું નહીં અને જો આવશે તો તેમનો વિરોધ કરવામાં આવશે.

# ઉત્તરપ્રદેશમાં તમામ રાશન કાર્ડ રદ કરવામાં આવશે : વિધાનસભા અધ્યક્ષે નિર્દેશ આપ્યા

લખનૌ,તા.૨૬

ઉત્તરપ્રદેશ વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાનાએ રાજય સરકારને તપાસ બાદ અપાત્રોને જારી રાશન કાર્ડ રદ કરવાનો નિર્દેશ આપ્યો છે.અયોધ્યાના ગોસાઇગંજ નિર્વાચન ક્ષેત્રથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અભય સિંહે આ મામલો ઉઠાવ્યો હતો.અભયસિંહે એ કહેવા બાદ કે તે મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરી દ્વારા આપવામાં આવેલા જવાબથી સંતુષ્ટ નથી ત્યારબાદ અધ્યક્ષે નિર્દેશ જારી કર્યા

સપા ધારાસભ્યે પુછયુ હતું કે શું સરકારે ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા રાજયમાં નવા રાશન કોર્ડ જારી કરવામાં વિલંબની બાબતમાં માહિતી હતી અભય સિંહે સરકારથી એ પણ જાણવા માંગ્યુ કે ૨૦૧૮થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૨ સુધી અયોધ્યા જીલ્લામાં કેટલા નવા રાશન કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને કેટલી અરજી લંબિત છે સભ્યોના પ્રશ્નોના મુખ્યમંત્રી તરફથી લેખિત જવાબ આવ્યો.કહેવાય છે કે એક એપ્રિલ ૨૦૧૮થી ડિસેમ્બર ૨૦૨૨ની વચ્ચે પ્રાપ્ત અરજીની વિરૂધ્ધ રાજયમાં કુલ ૧,૩૩,૦૩,૬૨૫ રાશન કાર્ડ જારી કરવામાં આવી ચુકયા છે. અયોધ્યા જીલ્લામાં આ મુદ્દત દરમિયાન પ્રાપ્ત અરજીની વિરૂધ્ધ કુલ ૧,૪૪,૬૨૮ રાશન કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને વર્તમાનમાં ફકત ૬૫૮ રાશન કાર્ડ લંબિત છે રાજય સ્તર પર લંબિત રાશન કાર્ડની સંખ્યા ૧૩,૩૧,૧૩૦છે. જયારે મંત્રી લક્ષ્મીનારાયણ ચૌધરીએ કહ્યુ હતુ કે રાજયમાં ૨૫ કરોડ લોકોમાંથી ૧૪ કરોડને મફત રાશન મળી રહ્યાં છે.મંત્રી ચૌધરી યુપી વિધાનસભામાં પ્રશ્નોતરી દરમિયાન સમાજવાદી પાર્ટીના સભ્ય રાગિની સોનકર દ્વારા ઉઠાવવામાં આવેલ એક સવાલનો જવાબ આપી રહ્યાં હતાં તેમણે કહ્યું કે રાજયમાં ૨૫ કરોડથી વધુ લોકોમાંથી ૧૪ કરોડને મફત રાશન મળી રહ્યું છે વડાપ્રધાન ઉજજવલા યોજના હેઠળ ૧૩ ફેબ્રુઆરી સુધી રાજયમાં લાભાર્થીઓને કુલ ૧,૭૫,૦૨,૧૯૮ મફત ગેસ જોડાણ આપવામાં આવ્યા છે.વર્તમાનમાં ૨૩૫.૩૯ રૂપિયા પ્રતિ સિલેન્ડર રિફિલ સબસીડી આપવામાં આવી રહી છે

# સાચી હિંસા તો હજુ બાકી છે, અજનાલામાં થયું તે કંઈ નથી : અમૃતપાલે ફરી ઝેર ઓક્યું

નવીદિલ્હી,તા.૨૬

ખાલિસ્તાની દળ ‘વારિસ પંજાબ દે’ હાલમાં શાંતિ અને સાંપ્રાદાયિક સંપ ખરાબ કરવા લાગ્યું છે. આ દળના મુખ્ય નેતા અમૃતપાલ સતત વિવાદિત નિવેદન આપી રહ્યાં છે અને હાલ ફરી તેણે ઝેર ઓક્યું છે. તેણે ભયાનક હિંસાની ધમકી આપી છે જે દેશની સુરક્ષા માટે એક ખતરા રુપ છે. તેણે અજનાલામાં બનેલી ઘટનાને હિંસા નથી ગણાવી, તેણે જણાવ્યું કે સાચી હિંસા તો હજુ બાકી છે. અમૃતપાલ સિંહે અજનાલામાં મીડિયાને સંબોધિત કરતા આવા વિવાદિત નિવેદનો આપ્યા હતા.

તેણે મીડિયા સામે કહ્યું કે, તમે નારેબાજી અને ખાલિસ્તાની ઝંડા લહેરાવાને હિંસા માની રહ્યા છો, તો તમે સાચી હિંસા તો હજુ જોઈ જ નથી, સાચી હિંસા જોવાની હજુ બાકી છે. જ્યાં ગુરુ ગ્રંથ સાહિબ, ગુરુબાણી અને ગુરુનાનક દેવજીએ અહિંસાનો પ્રચાર કર્યો, ત્યાં અમૃતપાલ સિંહે આગળ આવીને હિંસાને પવિત્ર ગણાવી હતી.

તેણે હિંસાને પવિત્ર ગણાવીને કહ્યું કે અન્યાયનો ભોગ બનેલા લોકો હિંસા પસંદ કરતા હોય છે. લોકો કહે છે હિંસા ખરાબ કામ છે પણ હિંસા ખુબ પવિત્ર છે. ગુરુ ગોબિંદ સિંહજીએ કહ્યું હતું કે, જ્યારે તમારી પાસે કોઈ વિકલ્પ નહીં હોય, ત્યારે તલવાર ઉઠાવવું યોગ્ય છે. આ ખાલિસ્તાન સમર્થક દળના નેતાએ સંકેત આપતા કહ્યું કે પંજાબની સંસ્કૃતિનું કથિત દમન અને સંસાધનોના દૂર ઉપયોગનો અંતિમ પરિણામ માત્ર હિંસા જ હશે.

અમૃતપાલે હિંસાનું સમર્થન કરતા આગળ કહ્યું છે કે, રાષ્ટ્રવાદનો દોરો બહુ પાતળો છેપ તે ગમે ત્યારે તૂટી શકે છે. આ દરમિયાન અમૃતપાલે બલૂચિસ્તાનનો મુદ્દો પણ ઉઠાવ્યો અને કહ્યું કે ભારતે બલૂચિસ્તાનમાં જે કર્યું છે, પાકિસ્તાન કાશ્મીરમાં પણ તે જ કરશે.અમૃતપાલે ધમકી આપતા કહ્યું, કેન્દ્ર કે પંજાબ સરકાર અમને રોકી શકશે નહીં. અમે રાજકીય રમત રમવા માંગતા નથી. કોઈ અમને રોકી શકતું નથી, ન તો સિકંદર રોકી શક્યું, ન મુઘલો, ન અંગ્રેજો તેને કચડી શક્યા, હિન્દુસ્તાન પણ તેને દબાવી શક્યું નહીં. પંજાબ એક દિવસ આઝાદ થશે. ખાલિસ્તાનની વિચારધારા અને ખાલિસ્તાન રાજનું સપનું ક્યારેય મરશે નહીં.

NEWS OF GANDHINAGAR_P-2

## તંત્રી સ્થાનેથી...

# વાંધાજનક ટિપ્પણી

*કોંગ્રેસના નેતા પવન ખેડાએ વડાપ્રધાનના પિતાને લઈને વાહિયાત ટિપ્પણી કરીને હદ પાર કરી દીધી, પરંતુ અસમ પોલીસે તેમની ધરપકડ કરીને બિનજરૂરી રીતે પ્યાદાને વજીર બનાવવાની ભૂલ કરી. આ કંઈ નવી વાત નથી, રાજકારણમાં આવા વાહિયાત કટાક્ષ કરનારા નેતાઓ હાલમાં વધી ગયા છે, જેમને તેમના હાઈકમાન્ડનું પણ સમર્થન હોય છે. કોંગ્રેસના રાયપુરમાં સમેલનમાં ભાગ લેવા જ્યારે પવન ખેડા રવાના થયા ત્યારે તેમની વિમાનમાંથી ઉતારીને ધરપકડ કરવામાં આવી. હવે સર્વોચ્ચ ન્યાયાલયે તેમને વચગાળાના જામીન તો આપ્યા છે, સાથે જ તેમને ટપાર્યા પણ ખરા. જોકે આવા કિસ્સામાં ધરપકડની જરૂરિયાત ન હતી. અસમ પોલીસને ખબર હોવી જોઈએ કે તેની કાર્યવાહીનો વિરોધ તો થશે, પરંતુ તેને રાજકીય મુદ્દો બનાવવાની કોશિશ પણ થશે. અંતે એવું જ થયું. આના પહેલાં ત્યારે પણ એવું થયું હતું, જ્યારે અસમ પોલીસે ગુજરાતના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની ધરપકડ કરી હતી. કંઈક એ જ રીતે ગુજરાત પોલીસે તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેની પણ ધરપકડ કરી હતી. જિગ્નેશની જેમ સાકેત પર પણ વાંધાજનક ટ્વીટ કરવાના આરોપ હતા. એમાં શંકા નહીં કે નેતા ઘણીવાર ખીજને કારણે મર્યાદાની સીમા ઓળંગી જાય છે, પરંતુ તેમની ધરપકડ કરવાથી તેઓ હતોત્સાહિત થશે એમ માનવું ભૂલભરેલું છે. તેમના આવા નિવેદનો માટે તેમને સજા અપાવવી પણ સંભવ નથી હોતું, કારણ કે મોટાભાગના તો નાકલીટી તાણીને માફી માંગી લે છે અથવા એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે તેમના કહેવાનો અર્થ એ ન હતો. આવું જ કામ કોંગ્રેસના પવન ખેડાએ પણ કર્યું, જ્યારે એ સ્પષ્ટ જણાય છે કે તેમણે જાણીજોઈને વડાપ્રધાનના પિતા પર અયોગ્ય કટાક્ષ કર્યો.*

*કોંગ્રેસ સહિત અન્ય વિરોધ પક્ષના નેતાઓ દ્વારા વડાપ્રધાન કે તેમના માતા-પિતા પર વાહિયાત ટિપ્પણીઓ કરવી નવી વાત નથી. હાલમાં ખતમ થયેલી ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે નફરતના બજારમાં મહોબ્બતની દુકાન ખોલવા માંગે છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને તેમની અને અન્ય કોંગ્રેસી નેતાઓની ટિપ્પણીઓથી એવું બિલકુલ નથી લાગતું. વડાપ્રધાનને નિશાન બનાવવા માટે તેમના પિતા પર પવન ખેડાએ જે વાંધાજનક ટિપ્પણી કરી તે તેમની નફરત જ દર્શાવે છે. એ કોઈથી છૂપું નથી કે જ્યારે જ્યારે કોંગ્રેસી નેતાઓ વડાપ્રધાનને નીચા દેખાડવા ગેરવાજબી ટિપ્પણી કરે છે ત્યારે તેણે રાજકીય નુક્સાન ઉઠાવવું પડે છે, પરંતુ તે સમજવા તૈયાર નથી. તેનું કારણ એ જ છે કે ખુદ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતા વડાપ્રધાન પર અયોગ્ય ટિપ્પણીઓ કરતા રહે છે. જો શીર્ષ નેતાઓ જ એવું કરતા હોય તો, નીચલા સ્તરના છૂટભૈયા નેતાઓ તો બેફામ જ થાય. આ પરંપરા ક્યારે અટકશે તે કહી ન શકાય, પણ એટલું સ્પષ્ટ છે કે તેમાં પોલીસની ત્યાં સુધી કોઈ ભૂમિકા ન હોવી જોઈએ, જ્યાં સુધી કોઈના અપશબ્દ વૈમનસ્ય ફેલાવવાની સાથે જ કાયદો અને વ્યવસ્થા માટે ખતરો પેદા ન કરે. જોકે ઉલ્લેખનીય છે કે પવન ખેડાને તો સુપ્રીમ કોર્ટમાંથી તાત્કાલિક સુનાવણી ને તાત્કાલિક રાહત મળી ગઈ, આવી જ 'તાત્કાલિક' રાહત આમ જનતાને પણ મળે તો કેવું?*

## આઈઆઈટી સ્ટુડન્ટ્સની આત્મહત્યા અંગે સીજેઆઈની પીડા

નવીદિલ્હી,તા.૨૬

આઈઆઈટી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સુસાઈડની વધતી ઘટનાઓને લઈને ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે પોતાની પીડા વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું, 'આ ઘટનાઓ વિશે વિચારીને ચિંતા થાય છે. તે બાળકોના માતા-પિતા વિશે વિચારું છું, ત્યારે દુખ થાય છે. તમને જણાવી દઈએ, ૧૨ ફેબ્રુઆરીના રોજ આઈઆઈટી બોમ્બેમાં ગુજરાતના પ્રથમ વર્ષના સ્ટુડન્ટ દર્શન સોલંકીએ આત્મહત્યા કરી હતી.સીજેઆઈએ કહ્યું, 'તાજેતરમાં મેં દલિત વિદ્યાર્થીની આત્મહત્યાના સમાચાર વાંચ્યા હતા. આ ઘટનાથી મને ગત વર્ષે ઓડિશાની નેશનલ લો યુનિવર્સિટીમાં આદિવાસી સ્ટુડન્ટની આત્મહત્યાના સમાચાર યાદ આવ્યા.

મારું હૃદય આ વિદ્યાર્થીઓના પરિવાર વિશે વિચારીને હૃદયને દુખ પહોંચે. પરંતુ મને એ વિચારીને આશ્ચર્ય થાય છે કે આખરે અમારી સંસ્થાઓ ક્યાં ભૂલ કરી રહી છે કે વિદ્યાર્થીઓ પોતાનું કિંમતી જીવન ગુમાવી રહ્યા છે.



**આજે તારીખ ૨૫/૨/૨૦૨૩ ના રોજ. " શ્રી નીલકંઠ ભજન મંડળ" ટી.પી -૦૯ સરગાસણ આયોજિત દક્ષિણ ભારત યાત્રા બસ નુ વિધિવત પ્રસ્થાન શ્રી હડમતિયા મહાદેવના પટાગણથી પ્રસિધ્ધ વેદમંત્રો વચ્ચે મહંત ઈન્દ્રવદનભાઈ દ્વારા કરાવવામા આવ્યુ હતુ."શ્રી આનંદ ગરબા ગાથા" સપ્તાહની ભવ્ય સફળતા બાદ ફરી એકવાર નીલકંઠ ભજન મંડળના પ્રમુખશ્રી વર્ષાબેન શુક્લ આયોજિત પંદર દિવસના આ યાત્રા પ્રવાસ નુ શુભ પ્રસ્થાન સમયે મંદિરના મહંતશ્રી મહેન્દ્રગિરિ ગૌસ્વામી,કોર્પોરેટરશ્રી ગૌરંગભાઈ વ્યાસ,સરગાસણ બ્રમ્હ સમાજના પ્રમુખશ્રી પ્રવિણભાઈ રાવલ તથા વિશાળ સંખ્યામા યાત્રિકોના સ્વજનો હાજર રહ્યા હતા**

સવાર<br>
એક વીંટુ,<br>
બીજું વછૂટે .<br>
બીજું લપેટું,<br>
ત્રીજું કૂટે,<br>
ચોથું લૂંટે<br>
પાંચમું ફૂટે.<br>
છઠ્ઠું ખૂંટે,<br>
સાતમું ચૂંટે.<br>
ભેગા કરૂં,<br>
સમણા તૂટે!!<br>
સમણા તૂટે,<br>
આંખો ખુલે!!<br>
ભરત વૈષ્ણવ<br>
૨૬.૨.૨૦૨૨.# કાવ્ય

# સુરત ના વાતાવરણ ની થશે કાયાપલટ : પ્રકૃતિપ્રેમી બંધુઓનો અભુતપુર્વ ઐતિહાસિક નિર્ણય

૧).સુરત ની બદલાશે 'મુરત' : ટુંક સમયમાં સુરત બનશે હરિયાળું સુરત, ખુબસુરત સુરત, ગ્રીન સુરત.

૨). સુરત તથા મુંબઈ સ્થિત ખ્યાતનામ ડાયમંડ કંપની J. K. STAR ના માલિક એવા બે પ્રકૃતિપ્રેમી બંધુઓ એવા શ્રી શૈલેષભાઈ લુખી તથા શ્રી નંદેશભાઈ લુખી નો સુરત શહેરમાં ૫૦,૦૦૦ થી વધુ બહુવર્ષાયુ વૃક્ષો વાવી ત્રણ વર્ષ સુધી તેમનો નિભાવ તથા જાળવણી કરવાનો સંકલ્પ...

૩). વૈશ્વિક સ્તરે એક જ શહેર માટે એક જ કુટુંબ નુ આ પ્રકારનુ સૌપ્રથમ ઐતિહાસિક માતબર અનુદાન અને ઉત્કૃષ્ટ સત્કાર્ય...

દસ કુપ સમો વાપી, દસ વાપી સમો હદ,,

દસ હદ સમો પુત્ર, દસ પુત્ર સમો હ્રુમ.

- મત્સ્યપુરાણ, શ્લોક ૫૧૨.

અનુવાદ:- દસ કુવા સમાન એક વાવ છે, દસ વાવ સમાન એક તળાવ છે, એવા દસ તળાવ સમાન એક પુત્ર છે જ્યારે દસ પુત્ર સમાન એક વૃક્ષ છે...

મત્સ્યપુરાણ મા પુત્ર કરતા પણ વધુ મહાત્મ્ય વૃક્ષો નુ લખાયેલું છે ત્યારે આ સુત્ર ને બરાબર વાંચી, વિચારી અને બહુ સારી રીતે સમજીને અંતરમાં ઉતારી અને પ્રકૃતિ માતા પ્રત્યે તેમજ કુદરત પ્રત્યે ની પોતાની ફરજ સમજીને એક અભુતપુર્વ અને અવિસ્મરણીય કાર્ય સુરત શહેર ની જનતા માટે કરવાનો સંકલ્પ કર્યો છે એવા આપણા સૌના લાડીલા અને વાસ્તવમાં પ્રકૃતિ પ્રેમી નુ બિરૂદ આપી શકાય એવા વૈશ્વિક સ્તરે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલી અને છેલ્લા ૨૭ વર્ષ થી કાર્યરત ખ્યાતનામ કંપની ના માલિક એવા માનનીય....

શ્રી શૈલેષ ભાઈ લુખી<br>
તથા<br>
શ્રી નંદેશ ભાઈ લુખી<br>
(J. K. STAR - SURAT - MUMBAI )

આ બંધુઓ કે જેમનું મુળ વતન ભાવનગર જિલ્લાના ગારીયાધાર ની બાજુમાં આવેલા નવાગામ છે અને માતૃ શ્રી ચંપાબેન પોપટભાઈ લુખી તથા પિતા શ્રી પોપટભાઈ ઝવેરભાઈ લુખી જેવા માતા-પિતા ના શીતળછાંયા રૂપી આશીર્વાદ થી સમગ્ર સુરત શહેરમાં વૃક્ષારોપણ થકી સુરત ની માનવસૃષ્ટિ તેમજ સજીવસૃષ્ટિ ને શીતળછાંયા પ્રદાન કરવાના ઉમદા હેતુ થી આ બંન્ને પ્રકૃતિપ્રેમી મહાનુભાવોએ 'સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ - રાજકોટ' ના માધ્યમથી સમગ્ર સુરત ને 'ગ્રીન સિટી' બનાવવા માટે તથા સુરત ના વાતાવરણ ની કાયાપલટ કરવા માટે તેમજ પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દાખવી અત્યંત વિનમ્ર તેમજ સેવા તથા કુદરત ના ઋણ અદા કરવાના ભાવ થી ૫૦૦૦૦ થી પણ વધુ બહુવર્ષાયુ વૃક્ષો નુ વાવેતર કરવા માટે સમગ્ર સુરત શહેર ને દત્તક લેવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે એ ખરેખર ખુબ જ સરાહનીય અને વંદનીય છે...

સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ ના કાર્ય થી આપણે સૌ સારી રીતે પરિચિત છીએ. આ તમામ વૃક્ષો ના રોપણ તથા ઉછેર ની ૩ વર્ષ સુધી ની જવાબદારી સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ રાજકોટ ના સ્થાપક શ્રી વિજય ભાઈ ડોબરીયા એ સેવા ભાવના થી ઉઠાવી છે. ૨૫ ટ્રેક્ટર અને ૨૫ ટેક્ર સાથે ૧૦૦ માણસો નો પગારદાર સ્ટાફ ત્રણ વર્ષ સુધી સુરત મા રોકાઈને આ ભગીરથ કાર્ય ને પુર્ણ કરશે... એક વૃક્ષ ના ઉછેર પાછળ અંદાજીત ૨૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ થશે... જે સંપુર્ણ રીતે આ પર્યાવરણપ્રેમી બંધુઓ દ્વારા ઉઠાવવામાં આવશે....

કહેવાય છે ને કે આત્મવિશ્વાસ, અડગ મનોબળ અને દ્રઢ સંકલ્પ આ ત્રણ તીર જેના ભાથામાં હોય ને તેઓ ગમે તેટલું અઘરૂ નિશાન પણ વીંધી શકે છે એવી જ રીતે આત્મવિશ્વાસ, અડગ મનોબળ અને દ્રઢ સંકલ્પ સાથે વિજય ભાઈ ડોબરીયા એ સદભાવના ટ્રસ્ટના માધ્યમથી સેવાની સુવાસ ફેલાવવાનુ ચાલુ કર્યુ અને આજે આપણે સૌએ ગૌરવ લેવા જેવી બાબત છે કે આ બંને દાતાશ્રીઓ જેમ સોનામાં સુગંધ ભળે તેમ સદભાવના ટ્રસ્ટ સાથે જોડાઈને સુરત શહેર ની જનતા માટે એક અવિસ્મરણીય કાર્ય કરવા જઈ રહ્યા છે.સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા સાત વર્ષ મા ગુજરાત મા ૧૭ લાખ થી પણ વધારે વૃક્ષો નુ વાવેતર કરીને તેનો સુવ્યવસ્થિત ઉછેર કરી ને તેમનું જતન કરવામાં આવી રહ્યુ છે.શૈલેષ ભાઈ લુખી તથા નંદેશ ભાઈ લુખી દ્વારા દેશીકુળ ના બહુવર્ષાયુ વૃક્ષો થી સુરત ને જોડતા હાઈવે તથા શહેરના મુખ્ય માર્ગો હરીયાળા બનાવવામાં આવશે. જાપાનીઝ મિયાવાકી પધ્ધતિથી વિવિધ કેમ્પસમાં અને સુરત ના અન્ય અનેક જાહેર સ્થળોએ ગાઢ જંગલો નિર્માણ પામશે. અપાર વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કરવામાં આવશે.

વૃક્ષો વાવવા સહેલા છે પણ તેની માવજત અઘરી છે. જ્યારે સુરત માં ૧૦ ફુટ ના વૃક્ષોના રોપાના વાવેતર સાથે તેને ૮ ફુટ ના લોખંડ ના પિંજરા(ગ્રીન મેટ સાથેના) થી રક્ષણ આપવામાં આવશે અને સાથે સાથે જાહેર સ્થળોએ વાવેલા આ તમામ (અંદાજે ૫૦,૦૦૦ થી વધુ) વૃક્ષો ને પાણી પીવડાવવા તથા સંપુર્ણ ઉછેર ની જવાબદારી નિભાવવામાં આવશે. કોઈ કારણોસર કોઈ રોપા ને નુકસાન થાય તો એની જગ્યાએ નવા રોપાનું વાવેતર કરવામાં આવશે.

સુરત બાદ સમગ્ર ગુજરાત ને પણ 'ગ્રીન સ્ટેટ' બનાવવાનુ મહત્ત્વાકાંક્ષી સ્વપ્ન છે..

પહેલા ના સમયમાં ઠેરઠેર વૃક્ષો નો જમાવડો હતો ગાઢ જંગલો હતા પરંતુ આ વધતા શહેરીકરણ ની આડમાં અસંખ્ય વૃક્ષો નુ નિકંદન નિકળી ગયુ છે ત્યારે ફરી પાછા એ જ હાઈવે, રસ્તાઓ તેમજ શહેર ને હરીયાળું કરવાનું અભિયાન સ્વૈચ્છિક રીતે પર્યાવરણ તેમજ પ્રકૃતિ માતા તેમજ સજીવ સૃષ્ટિ ની સેવા કરવાની ભાવનાથી હાથ ધરવામાં આવ્યું હોવાનું આ અભિયાન ના સ્વપ્નદ્રષ્ટા એવા શૈલેષભાઈ લુખી એ જણાવ્યું છે.

હાલમાં ઠેર ઠેર વધી રહેલા પ્રદુષણ, હવામાં ઝેરી તત્ત્વો નુ વધતું પ્રમાણ, વરસાદ ની અછત, તાપમાનમાં વધારો, અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ તેમજ ગ્લોબલ વોર્મિંગ ની અનેક સમસ્યાઓનો એક જ ઉકેલ છે.... વૃક્ષો...

એટલે જ કીધુ છે કે,

માનવી ચોક્કસ વાવ તું, કાં વૃક્ષ ને કાં વેલ,,

નહીંતર સહેવા પડશે, કુદરત નાં આકરાં ખેલ...

ઉપરોક્ત અનેક સમસ્યાઓ અંગે શૈલેષ ભાઈ તથા નંદેશ ભાઈ ના મન માં આ ગંભીર બાબત ની ચિંતા ઊભી થઈ અને સુરત શહેરની જનતાના સ્વાસ્થ્ય પ્રત્યે તેઓ જાગૃત થયા અને સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ સાથે મળીને આવનારી પેઢી ના તંદુરસ્ત ભવિષ્ય માટે સમગ્ર સુરત શહેરને દત્તક લઈ ને આ પ્રદુષણ રૂપી ઝેર નુ પાન કરતાં નિલકંઠ રૂપી વૃક્ષો નુ વાવેતર અને જતન કરવાનો સંકલ્પ કર્યો છે.આવા અસંખ્ય વૃક્ષો વાવવાથી સુરત ની એક અલગ જ 'ગ્રીન સિટી' (હરિયાળું શહેર) ની છાપ ઊભી થશે. વૃક્ષો અનેક રીતે સજીવ સૃષ્ટિ ને ઉપયોગી છે એ આપણે સૌ જાણીએ છીએ... અસંખ્ય પક્ષીઓના ખોરાક તેમજ રહેઠાણ નુ માધ્યમ બનશે આ વૃક્ષો... પશુઓ તેમજ માનવીને છાંયડો આપશે આ વૃક્ષો... પ્રકાશસંશ્લેષણ ની પ્રક્રિયાથી હવામાં ઓક્સિજન નુ પ્રમાણ વધારશે આ વૃક્ષો.. જમીન નુ ધોવાણ અટકાવશે આ વૃક્ષો.. વાદળો ખેંચી લાવી નિયમિત વરસાદ લાવશે આ વૃક્ષો... તાપમાન મા ઘટાડો કરશે આ વૃક્ષો... સુરત શહેર ની અલગ ઓળખ ઊભી કરશે આ વૃક્ષો..ભવિષ્યમાં આવનારી પેઢી ના સારા સ્વાસ્થ્ય સભર અને રોગમુક્ત જીવન માટે આ વૃક્ષો ખુબ જ જરૂરી છે. આવા અનેક રીતે લાભદાયક એવા વૃક્ષોનુ વાવેતર તેમજ જતન કરી ને દરેક નાગરિકે પર્યાવરણ પ્રત્યે જાગૃત થવાની જરૂરિયાત છે એવી ભાવના વૃક્ષારોપણ ના આ મહાઅભિયાનના પર્યાવરણપ્રેમી પ્રણેતા એવા શ્રી શૈલેષભાઈ લુખી તથા શ્રી નંદેશભાઈ લુખી એ વ્યકત કરી છે..

# લારી બે પૈડાથી ચલાવવાનો સમય પાકી ગયો છે!!

આપણા દેશમાં એક જ બાબતની ચિક્કાર હરીફાઈ છે. સૌને જે નથી તે થવાની ચળ - ખંજવાળ છે. તમે મારું સાચું માનશો ? મને ખબર છે કે તમે મારું માનશો નહીં! મને અવગણશો!! કેમ કે ઘરમાં પણ મારી અવગણના થાય છે, પછી તમારો શો વાંક કાઢવો? કોઇ પણ વ્યકિતને ધનવાન થવાની મહેચ્છા કે મનોકામના નથી. દરેકે દરેકને યેનકેન પ્રકારેણ ગરીબ થી ગરીબતમ પ્રગાઢ ગરીબ થવાની ગરીબૌષેણા છે!! આ બધું મેકસિકો સરહદોથી અમેરિકામાં ઘૂસવા માટે કબુતરબાજીની પ્રક્રિયા જેવું છે.

તમે મર્સિડીઝના માલિક હોવા છતાં તમારી વાર્ષિક આવક ગ્રામ મુખ્ય સચિવ મહાશય ( અરે, ના સમજયા ? આપણો તલાટી!!)ની કૃપાદ્રષ્ટિથી રૂપિયા છ હજાર થઇ શકે છે! તમને બીપીએલ કાર્ડ મળે અને ગરીબોનું અનાજ પણ મળે. કોઇની દેન છે કે તમને અમીરીરેખાએ લઇ જાય. બીપીએલ કાર્ડની બદૌલત તમારા સંતાનો આરટીઇ હેઠળ સારી શાળાઓમાં પ્રવેશ મેળવી શકે છે!! જાદુગર કે. લાલની જેમ જ હાથની કરામત છે!! મારી વાત ખોટી લાગતી હોય તો આરટીઇના એડમિશન પછી શંકાસ્પદ પ્રવેશ બાબતે થયેલ ફરિયાદો જોઇ લેવી.

સમાજમાં થોડાક મનચલા કે ઘનચક્કર શ્રીમંતોના લિસ્ટમાં આવવા મહેનત કરતા હોય છે. ફોબર્સ કે ફોર્ચ્યુન કે આવાતેવા લિસ્ટમાં આવવા આખી જીંદગીની વાટ લગાડી દે છે. અનિલ અંબાણી જેવા વધારે દેવાદાર બનવા ઉચ્ચ કક્ષાની જાગ્રૃતિ રાખી પૂરી કર્તવ્યનિષ્ઠ કોઠાસૂઝથી મોટા દેવાદાર બની અન્ય માટે પ્રેરણાસ્ત્રોત કે પિયુષ બને છે.

ગરીબના બે પ્રકાર છે. ખરેખર ગરીબ અને સરકારી ચોપડે ગરીબ( ખરેખર તે ગરીબતેતર હોય છે.)આમ, તો પારબ્ધથી ગરીબ અને પુરૂષાર્થથી ગરીબ.પહેલા પ્રકારમાં ખાસ સુધારણાને અવકાશ નથી અને બીજા પ્રકારમાં સુધારણાનો અર્થ નથી.કેમ કે, મફતમાં માત્ર ડુંગળીનું ફોતરું મળે તો ગરીબ થવા માટે પડાપડી થાય છે.

ગરીબોની મેન્ટાલિટી તપાસો તો ખબર પડે કે આખું કોળું શાકમાં જાય છે. ગરીબ ઝૂંપડામાં રહેતો હોય. સરકાર માઇબાપને દયા આવે. અને સુવિધાયુકત આવાસનું આબંટન કરે. વરસ ન થાય ત્યાં પાછો ઝૂંપડાંમાં આવી જાય. એને પૂછીએ કે તને આપેલ મકાનમાં કેમ રહેતો નથી? નવાણુ ટકા તેનો જવાબ હોય કે મકાન ભાડે આપ્યું કે વેચી નાંખ્યું!! એકવાર ઝૂંપડાના બદલામાં મકાન મળ્યું બીજીવાર મળશે!! આ તેની ઋુગ્ણ માનસિકતા. તેને ટ્રેકટર, રીક્ષા કે હાથલારી,દુકાન આપી હોય. બીજી બાજુ તેણે મક્કમ નિર્ધાર કર્યો હોય કે દેહ પડી જાય તો પડી જાય પણ મારે સાત ભવ ગરીબ રહેવું છે.આમને તમે કેમ કરીને ગરીબીરેખાની ઉપર લાવી શકો!!

આપણે ત્યાં નિર્વિવાદપણે ૨૪ ગુણ્યા ૭ ગુણ્યા ૩૬૫ અમીર કલ્યાણ યજ્ઞ ચાલે છે. ઈચ્છાનુસાર ગરીબ કલ્યાણ મેળા યોજાય છે. પણ બાપડા બિચારા મૂંગામંતર ગધેડા જેવા મધ્યમ વર્ગ માટે મધ્યમ કલ્યાણ મેળા યોજતા નથી.

હમણા તંત્રે સફાળા જાગી મેળા યોજયા. ગરીબોને સાધનસહાયની ખેરાત થઇ. તેનો જયજયકાર કરવાના બદલે વાંકદેખા, અદેખા, અષ્ટાવક્ર ગરીબો વાંક કાઢે છે. સાધનો તકલાદી છે, કવર ખાલી છે, ચેક જૂની તારીખનો છે. કેશકર્તન કલાકારને અસ્ત્રો કે રેઝરને બદલે તલવાર આપેલ છે તેવી ફરિયાદ કરે. રાઈનો પહાડ કરે. રજનું ગંજ કરે!! હમણા એક લાભાર્થીને સાધનસહાય તરીકે હાથલારી આપી. કશીક ગફલત થઇ હશે કે શું? એ તો તંત્ર જાણે!! હાથલારીમાં ચાર પૈડાના બદલે બે પૈડા આપ્યા. માનો આભ તૂટી પડ્યું તેવી કાગારોળ કરી. કંઇ ફરિયાદ હોય તો તંત્રને કરગરવાનું હોય? છાપામાં છપાવો તો છાપાવાળા ખૂટતા બે પૈડા આપશે? જો એમ હોય તો છાપાનાળા પાસેથી ખૂટતા પૈડાં લઇ આવો? શક્ય છે કે ટેન્ડર બે પૈડાની લારીનું પડ્યું હોય. સાહેબોને લારી થોડી ચલાવવાની છે કે લારીમાં કેટલા પૈડા હોય તેની ખબર પડે.ચાર પૈડાની લારીનો ઓર્ડર આપ્યો હોય પણ કોસ્ટ કટિંગના ભાગરૂપે પેઢીએ બે પૈડાં રદ કર્યા હોય કે ગફલતમાં પૈકીંગમાં બે પૈડાં પેક કરવાનું રહી ગયું હોય. જો ખૂટતા બે પૈડાં આપવાપાત્ર હશે તો અનુકૂળતાએ મેળો યોજી બે પૈડાં દૂધે ધોઇને બાપના બોલથી આપી દઇશું!! ગરીબોને સ્વનિર્ભર કરવાની યોજનામાં કયાંકથી તો શરૂઆત કરવી પડશે કે નહીં? માણસ બે પગે ચાલે છે તો હાથલારીને બે પૈડે ચાલવાનાં કાંટા વાગે છે! વિચારો કે બિનજરૂરી બે પૈડા કાઢી નાંખો તો લારી ચલાવનારની સહુલિયત વધી જશે!! આમ, લાખોની સંખ્યામાં બિનજરૂરી બે? પૈડા અન્યત્ર લગાવવાથી અર્થતંત્ર બુલેટ ટ્રેનની સ્પીડે ચાલશે. આપણે બીજું શું જોઇએ?આ તો આફતને અવસરમાં પલટાવવાનો મહાઅવસર છે!!

ભરત વૈષ્ણવ<br>
૨૬.૨.૨૦૨૨

# મારી ડાયરીનું પાનું...

ભવ્ય અમદાવાદ

૧૯૭૫ નવનિર્માણ પછીનો સમય,મે અમદાવાદ તરફ પ્રયાણ કર્યુ.આમતો અમદાવાદ મારે માટે ફરવા જવાનું એક સ્થળ, ખાસ કરી મોસાળ ચાણસ્મા જતાં વચ્ચે આવતું એક ઐતિહાસિક સ્થળ. કર્ણાવતીને નામે જાણીતું સ્થળ. પિતાજીના કુમાર સામાયિકની એક ઓફિસ ત્યાં, બીજી રીતે જોવા જાઉં તો ઘણાં સંબંધીઓ

પણ ત્યાં. મારે માટે તે ભૂમિ બની શિક્ષણભૂમિ. ક્યારેય ને ક્યાંય માતા પિતા રહેવાનું વિચાર્યું પણ નહોતું. એ અમદાવાદમાં મે ભોજે વિદ્યાભૂવનમાં ઈન્ડિયન કલચરમાં એમ.એ કરવા જઈ પહોંચી.

રહેવાને ઓટલો ને ખાવા રોટલો જરૂરી હતો ને તે માટે સખી પલ્લવીને ત્યાં મા ને ભાઈની (નરહરી જાની)

ની છત્રછાયા મળી.અમદાવાદ્ ઘણું બધુ આપ્યું. ન લાગ્યું કે હું કોઈ અમદાવાદીને ત્યાં ઉતરી..ખરેખર મા બાપ ભાઈ ભાંડુની કોઈ કમી ન રહી. બે વર્ષ ખૂબ સંઘર્ષ કર્યું.

ઈક્રમ ટેક્ષની બાપુની મૂર્તી કે ગુજરાત વિદ્યાપીઠની લાઈબ્રેરી કે ભો.જે વિદ્યાલયના સાહેબો સર્વે

પોતાના લાગ્યા.મારું પ્રિય સ્થળ ગાંધીઆશ્રમ સાબરમતીને કિનારે સ્થિત સુંદર જોવા લાયક જગ્યા, બીજું સ્થળ સુભાષબ્રીજની નીચેનાં પગથિયાં મારી એકલતાનાં સાથી..ને રોજ બપોરે સાબરમતીથી આશ્રમરોડ સુધીની સાયકલીંગ તો પાછા ફરતાં સુમસામ

રસ્તા પરનો ડર..એવી આ ભૂમિ..એટલે અમદાવાદ.

કાંકરિયા તળાવની અત્યારની બદલાયેલી સૂરત

ભવ્ય અમદાવાદની સાક્ષી પૂરે છે.

એ અમદાવાદ એટલે એક જમાનામાં જ્યા મિલોને તેનાં કાપડ ઉદ્યોગનું માનચેસ્ટર કહેવાતું શહેર..ગુજરાતની રાજધાની એટલે

કર્ણાવતી ને પછી અમદાવાદ..સીદી શૈયદની જાળી,હટીસિંગના જૈન દેરાસર,જામા મસ્જિદ, ત્રણ દરવાજા, ભદ્રકાલી મંદિર,રાનીનો હજીરો,માણેક ચોક,

રિલીફ રોડ, લાલ દરવાજા, લક્કડબ્રીજ, ઝૂલતો મિનારો,

વિક્રમ સારાભાઈ સ્પેશ મ્યૂઝિયમ..કેમ્પ હનુમાન..જાત જાતની મોગલોની મસ્જિદ ને અડાલજની વાવ..ઝેવિયર્સ હોસ્ટેલમાંથી દેખાતું ડ્રાઈવિન સિનેમા.,લો ગાર્ડનનું શોપિંગ અરે પેલો રબારી ભરતનો થેલો..ઘણું બધું છે નહિ...પણ આજના અમદાવાદની ત્રણ ચીજ મને બહુ જ

આકર્ષે છે તે છે પતંગોની હરિફાઈ નરેન્દ્ર મોદીની સુંદર ભેટ, રંગબેરંગી ફૂલોનું પ્રદર્શન અને મારા સંઘર્ષને યાદ કરાવતો આશ્રમ રોડ પરની એ મારી કોલેજનું પ્રાંગણ.ખાવા પીવાનો શોખ ઓછો પણ પહેલવહેલી એક્સપ્રેસો કોફી પીધી નટરાજ થિયેટરની, પુરોહિતની પચ્ચીસપૈસાની મટર સેન્ડવીચથી પેટ ભરાય જતું.હેન્ડલૂમ હાઉસમાંથી શોપિંગ કરવું ને રોજ છ માઈલ આવવાનું ને છ માઈલ જવાનું સાયકલિંગ કરી અમદાવાદ

ફરી વળવાનું...વાહ મિત્રો સાથેની એ છાનામાના અજંટા

થિયેટરમાં સિનેમા જોવાની ને વડીલોનાં હાથે પકડાય જવાની મજા એ જ અમદાવાદમાં કરી છે.આ જ તો આજે અમદાવાદના સ્થાપના દિવસે ઉભરાય આવ્યું.

પરિમલ ગાર્ડનની મીઠી સુવાસ, ને મારા મનગમતા સાહિત્યકારોનું એ અમદાવાદ આજે તેના સ્થાપના દિવસની જાહોજલાલીમાં મળી જતાં મારા એ પ્રસવબિંદુઓ ક્યાંક ને ક્યાંક મને આકર્ષે છે ને હું દોડી

આવું છું તારા એ સુંદર રિવરફ્રન્ટ પર લટાર મારવા..હવે તો નવીન વિકસિત અમદાવાદ છે પણ ત્યાં મારા જુવાનીનાં દિવસની મીઠી યાદો પણ છે..ગુમાવેલા મિત્રોની યાદો છે..

પાટનગર ગાંધીનગર નું વર્તમાનપત્ર ન્યુઝ ઓફ ગાંધીનગરમાં મળેલ લાડને પ્રેમ પણ છે...તો ૨૦૧૯થી શરૂ થયેલી સાહિત્યની સફર પણ આ જ ન્યુઝ પેપરથી થઈ હતી. આજે તો બીજા અનેક પેપરો ને મેગેઝીન સાથે સંકળાયેલી છું.

★ખૂબ ખૂબ શુભેચ્છા એ વિકસિત શહેરને અને અંભિનંદન...★

★જયશ્રી પટેલ★<br>
★૨૬/૨/૨૩★

# આરએસએસની માર્ચને મંજુરી આપવાના હાઈકોર્ટના નિર્ણયનને સ્ટાલિન સરકારે સુપ્રીમમાં પડકાર્યો

ચેન્નાઇ,તા.૨૬

તમિલનાડુ સરકારે રાજયમાં આરએસએસની માર્ચને મંજુરી આપવાના નિર્ણયની વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટનું વલણ કર્યું છે.રાજય સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ પોતાની અરજીમાં કહ્યું છે કે આ માર્ચ કાનુન વ્યવસ્થાની સમસ્યા ઉભી કરશે સ્ટાલિન સરકારે હાઈકોર્ટના આદેશ પર રોક લગાવવાની માંગ કરી છે.

મદ્રાસ હાઈકોર્ટે આરએસએસને સુધારેલી તારીખો પર પોતાની માર્ચ કાઢવાની ૧૦ ફેબ્રુઆરીને મંજુરી આપી હતી અદાલતે કહ્યું હતું કે પ્રદર્શન સ્વસ્થ લોકતંત્ર માટે જરૂરી છે.પોતાની જ સિંગલ બેંચની ચાર નવેમ્બર ૨૦૨૨ના આદેશને રદ કરતા હાઈકોર્ટે ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ના આ આદેશને બહાલ કરી દેવામાં આવ્યા જેમાં માર્ચ કાઢવા અને એક જાહેરસભા આયોજિત કરવાની મંજુરીથી સંબંધિત આરએસએસની વિનંતી પર તમિલનાડુ પોલીસે વિચાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.સિંગલ બેંચના આદેશમાં પ્રસ્તાવિત રાજયવ્યાપી માર્ચ પર શરત લગાવવામાં આવી હતી તે બંધ જગ્યામાં આયોજિતિ કરવા કહ્યું હતું અદાલતે અપીલકર્તાને માર્ચ આયોજિત કરવાના હેતુથી ત્રણ અલગ અલગ તારીખોની સાથે રાજયના અધિકારીઓથી સંપર્ક કરવા કહ્યું હતું. રાજયના અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે તે આ ત્રણેય તારીખોમાંથી પસંદ કરવામાં આવેલ એક તારીખ પર માર્ચ આયોજિત કરવાની મંજુરી પ્રદાન કરે જો કે સંઘનું કહેવું છે કે તે ફક્કત પોતાની એકિટવિટી વધારવા માટે માર્ચ કાઢવા જઇ રહી છે .

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*NOG SS No.0081*
★વિષય : આત્મમંથન★
★પ્રકાર: પદ્ય★
★શબ્દો: ૧૦૧★
★શીર્ષક : કૃષ્ણ નહીં તો સુદામા થઈએ★
હા, હું કહીશ કોઈ ચાહત નથી  નથી આશ,
એ જ કદાચ સ્વની ખોજ, ઈચ્છાઓનો? છે હ્રાસ.
જ્યાં પહોંચી દરેક ઈચ્છા થઈ જાય  શૂન્ય ,
‘ હું ‘ ને દઈ ઓગાળી , થઈ જાય જગ ન્યૂન.
ન કોઈ ડર,ન કોઈ ખોફ, હર જીવમાં ઈશ,
હું - તું નો? ભેદ મટી, સર્વે કામનાઓનો છૂટે પાશ.
આ જ આત્મમંથન, વાંચતા લાગે ?સુલભ ,
સંસારમાં રહી , વિરક્ત થવું , ઝાંઝવાંનાં જળ સમ.
આપ્યો જન્મ ઈશે ,કર્મથી કરીએ સાર્થક,
ધરા એ તો ચમન એનું, આપણે સૌ મુસાફર.
ન વેરઝેર કે ?કોઈ કપટ ,રહીએ નિસ્પૃહી ,
રહીએ સદા જાગૃત , જરૂર ન સંન્યાસી થવાની.
આત્માને મથીએ? ,નવનીત પામીએ,
કૃષ્ણ નહીં તો સુદામા થઈએ, ઊંચા ઊઠીએ.
#©માયા દેસાઈ
મુંબઈ ભારત.
*************†***†************

: NOG ss NO.73
વિષય.આત્મમંથન
પ્રકાર. ગદ્ય
શીર્ષક. સ્વ નું મંથન.

જિંદગીમાં અમુક સમય આપણા માટે ઉત્તમ હોય છે જેને આપણે આપણો એક દસકો  કહીએ છે,જેમાં આપણને  ઘણું સુખ મળ્યું હોય છે,એ દસકો બધા માટે હોય એમાં આપણે સરળ રીતે જીવતા હોય એવું લાગે છે.તો પછી આપણે જ્યારે તકલીફ માં હોઈએ ત્યારે આપણે નાસીપાસ થઈએ ,ડિપ્રેશન માં આવીએ ગુસ્સો કરીએ તકલીફ માંથી બહાર નીકળવાને બદલે સમસ્યાને વધારે ગુંચવીએ તો આવું શા માટે?કેમ આપણે આપણા મનને સમજાવી નથી શકતા કે સુખ દુઃખ તકલીફ કાયમ નથી રહેતા એતો જીવવાનનો એક ભાગ છે આ સમય પણ બદલાશે એવું વિચારી આપણે સ્વ નું આત્મમંથ કરવાની જરૂર છે.

જ્યા સુધી તમે સ્વ ને નહીં સમજો ત્યાં સુધી તમે કોઈને નહીં સમજી શકો કે કોઈ તમને નહીં સમજી શકે સ્વંનું આત્મમંથન કરવાથી તમને એક ફાયદો જરૂર થશે કે તમે તમારી સમસ્યાનો ઉકેલ જાતે મેળવી શકો..કોઈ તમને ખુશ રાખે કે નહીં પણ તમે જાતે ખુશ રહી શકો..

નયના પટેલ.નૈન.
*********************************

NOG SS No : 127
વિષય -અંતર મંથન
પ્રકાર - પદ્ય
જ્યારે જ્યારે કરું અંતર મંથન
ત્યારે ત્યારે મન કરવા લાગે ક્રંદન
વિખુંટા પડ્યા  માનવી નાં મન
આ જિંદગી માં થી ઉડી ગયા છે
પ્રેમ નાં સાતેય રંગ..,,.
ટીપે ટીપે પ્રેમ નો સાગર છલકાઈ છે
પણ આ તો શું જોવા મળે છે કે
સાગર નું પણ  હવે તળિયું દેખાઈ છેપ.
જ્યારે જ્યારે કરું અંતર મંથન
ત્યારે ત્યારે મન કરવા લાગે ક્રંદન
ઘર ઘર નથી રહ્યા  , મકાન રહી ગયા છે
માથે છત તો છે પણ છતર રસ્તે રજડી રહ્યા છે
કોઇનાં ખુલ્લા પગ તડકે દાઝી રહ્યા છે
તો કોઇ નાં પેટ ભૂખ થી વલખી રહ્યાં છે
આ તે કેવો ઘોર કળયુગ છે
કે લોહી લોહી નાં સંબંધો પણ રુંધાઇ રહ્યા છે
જ્યારે જ્યારે કરું અંતર મંથન
ત્યારે ત્યારે મન કરવા લાગે ક્રંદન
વિખૂટી પડી ગઇ છે
જરુખે થી જરુખા ની લાગણી ઓ
પહેલા તો એક ડોકિયું કરતી
ને બીજી થનગનતી
ટહુકો કરતી બહેનપણી ઓ
હવે તો રસ્તા પણ સુના લાગે છે
યાદ માં અતિત ની રોતા હોય એવું લાગે છે
જ્યારે જ્યારે કરું અંતર મંથન
ત્યારે ત્યારે મન કરવા લાગે ક્રંદન
અલ્પા મહેતા.રાજકોટ
********************************

NOG  SS NO. 0097
વિષય: આતમ મંથન
પ્રકાર: ગદ્ય
શીર્ષક:: ગુડ નાઈટ

ઘણા વરસોથી એક ટેવ પાડી છે.રોજ સાંજના નિત્યકર્મ આટોપીને પથારીમાં સુતા સુતા પ્રભુ સ્મરણ કરવું. અને તયારબાદ આખા દિવસની બધી જ ગતિ વિધિ યાદ કરવી.

એમાં બધી જ શારિરીક ક્રિયા અને દિવસ દરમ્યાન મળેલા દરેક લોકો સાથેના વારતાલાપ, ટેવિફોન પર થયેલી વાતો, જ્યારે પત્રલેખનનો જમાનો હતો ત્યારે પત્રલેખન કે આવેલ પત્રોની બાબતો પર પણ નજર રહે જ. આ રીતે નાની મોટી દરેક બાબતોનું અવલોકન કરું.

તયારબાદ દરેક બાબતના અવલોકનના આધારે મંથન કરું. હું મારી જાતેજ તટસ્થ ભાવે મારી ભુલો શોધું. ફરી એ ભુલ ન થાય એની મારી જાતને ખાત્રી આપું. આ રીતે રોજ રોજ મને માંજતી રહું છું.જેથી મારા તરફથી કોઈને કોઈ પણ રીતે અન્યાય નથી થતો.

છેલ્લે એક સંતોષ સાથે મને જ ગુડ નાઈટ કહીને
વિષ્ણુ સહસ્ત્ર નામ સાંભળતા સાંભળતા સુઈ જવાનું.

વર્ષાબેન દેસાઈ
એડવોક્ટ
વડોદરા-સિડની
********************************

NOG .SS.NO :. 22
વિષય - આત્મમંથન
પ્રકાર - ગદ્ય
શબ્દો -  ૨૮૮
શીર્ષક -  શિસ્ત

ઈલાબેન નામથી જાણીતા ઈલાબહેન પટેલે શાળાના પ્રાંગણમાં પ્રવેશ કર્યો. આજે લગભગ દસ વર્ષ પછી તે પ્રવેશ્યાં હતાં. આ એ જ ઈલાબહેન હતાં, જે જીવન જ્યોત શાળામાં શિક્ષિકા તરીકે જોડાયાં અને પ્રિન્સીપાલ તરીકે નિવૃત્ત થયાં. પ્રવૃત્તિના વર્ષોમાં તેમણે શાળાને સંપૂર્ણરીતે શિસ્તબદ્ધ બનાવી દીધી હતી. દરેક કાર્ય યોગ્ય સમય અને યોગ્ય પ્રકારે થતું હતું.

આજે શાળાના અમૃતમહોત્સવ નિમિત્ત શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમને આપવામાં આવેલ પત્રિકામાં સમય નવ વાગ્યાનો આપવામાં આવ્યો હતો, પણ ત્યાં કોઈ હાજર નહોતું.

તેમણે પોતાના કાંડામાં પહેરેલી ઘડિયાળ તરફ જોયું અને નિરાશામાં માથું ધુણાવ્યું. તેમના મગજમાં વિચારોનું વંટોળ ઉઠ્યું. તે આત્મમંથન કરવાં લાગ્યાં. આ કેવી શિસ્ત! મારા સમયમાં આ પ્રકારની શિસ્તભંગ થતી જ નહિ. અમૃત મહોત્સવ જેવો કાર્યક્રમ યોગ્ય સમયે શરૂ ન થાય તેથી લજ્જાસ્પદ બીજું શું હોઈ શકે! ન તો અહીં વિદ્યાર્થીઓ આવ્યા છે અને ન તો શિક્ષકો. આવનાર અતિથીઓના સ્વાગત માટે ગેટ ઉપર કોઈ હાજર નથી અને મારા કેળવેલ વિદ્યાર્થીઓ પણ સમય ઉપર આવ્યા નથી, એ મારા માટે પણ શરમજનક છે. તે જેમ જેમ આગળ વિચારી રહ્યાં હતાં, તેમ તેમ વધુ ને વધુ દુઃખી થઇ રહ્યાં હતાં. શું મારા ગયા પછી શાળા આવી બેશિસ્ત બની ગઈ છે! મારું જીવન અસફળ રહ્યું.

તે હજી વિચારી રહ્યાં હતાં, ત્યાં જ તેમને પગમાં કોઈના સ્પર્શનો એહસાસ થયો. તેમણે ચશ્માની આરપાર જોયું તો એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની પૂનમ હતી. ઈલાબહેને પૂછ્યું, “અમૃત મહોત્સવ છે અને હજી કોઈ આવ્યું કેમ નથી?”

પૂનમે કહ્યું, “ઈલાબેન, કાર્યક્રમ તો શરૂ થઇ ગયો છે અને તમારી રાહ જોવાઈ રહી છે. તમે દસ વર્ષ પછી આવી રહ્યા છો એટલે તમને ખબર નહિ હોય કે હવે આપણી શાળા નવી જગ્યાએ શિફ્ટ કરવામાં આવી છે. ચાલો મારી સાથે.”

નવી જગ્યાએ શરૂ કરવામાં આવેલ જીવન જ્યોત શાળાના પ્રવેશદ્વાર ઉપર ઈલાબહેનનું સ્વાગત ફૂલોના વર્ષાવથી કરવામાં આવ્યું, જે જોઈ તે ગદગદ થઇ ગયાં.

જ્યોતિન્દ્ર મહેતા, પાલઘર
*******************†***********

NOG SS No: 109
શિર્ષક :-શોધું છું
પ્રકાર :-પધ
કેમ છો?એવું પૂછવા પાછળ  કારણ શોધું છું,
રાતદિવસ મંથન કરી બેપળ તારણ શોધું છું.
પથ્થરો મળી જાય ટોળું ભેગું કરતા મને,
તો રસ્તા વચ્ચે  ઉભો વળ નારણ શોધું છું.
સ્તબ્ધ બની જાઉં આખો જકડાઈ સફરે તો,
વજન શાનો છે? આગળ ભારણ શોધું છું.
રાત પડેને ઊગી નીકળે ઉજાવાશ લઈ સૂરજ ,
નથી કોઈ ચિંતા ત્યાંવળ જાગરણ શોધું છું.
હાથમાં લઈ હથોડી નીકળી પડું આકાર દેવા,
સૌંદર્ય અંકિત કરવા તળ એરણ શોધું છું.
ભ્રમ નીચે દબાવી  આ માણસ શું કરે છે?
લઈ હું તીર હાથમાં ભાળ મારણ શોધું છું.
બાબુ સંઘાડા. મહેક
*********************************

NOG SS No. 007
વિષય - મનમંથન
પ્રકાર - ગદ્ય(માઈક્રોફીક્શન)
શીર્ષક - બિરુદ

હેમા નામ એનું.ગરીબ મા બાપની દીકરી.કહેવાય છે ને કે ગરીબ બાપની દીકરીને પરી કહેવડાવવાનો અધિકાર જ નથી હોતો.એ ન્યાયે એક હાથે ઠૂઠા, પરંતુ ગર્ભશ્રીમંત કુટુંબ, સમાજમાં મોભી ગણાય એવા પરિવારના મોટા દિકરા એવા હેમલ સાથે એનાં લગ્ન થયાં.સરળ હેમાને પતિ તો મળ્યો પરંતુ પુરુષ ન મળ્યો.લગ્નના એક વર્ષ પછી એક બાળકની માતા બનેલી હેમા આજે જીવનની ૮૫ દિવાળીઓ જોઈ ચૂકી છે.સમાજમાં પતિના નામ સાથે ઓળખાતો દિકરો આજે સાઈઠ વર્ષે પણ મા સાથે અબોલા પાડે છે.હેમાનું મનમંથન ચાલુ છે કે પાણીથી સતત ધોવાતી રેતી પણ એકવાર ચોખ્ખી થઈ જાય છે.તો શું હું એ રેતીનું ય બિરુદ ન પામી?

લેખિકા - આરતી અઢીયા મરચંટ
મુંબઈ - કાંદિવલી
ભારત
****************************†****

NOG. SS.NO-139
વિષય - આત્મમંથન
પ્રકાર - ગદ્ય
શબ્દસંખ્યા -
શીર્ષક - આત્મચિંતન-અનિવાર્ય પ્રક્રિયા

આત્મમંથન જીવનનું એક અવિભાજ્ય અંગ હોવું જોઈએ. માનવીના મનમાં પરસ્પર વિરોધી એવી આ વહેણમાં નકારાત્મકતા હકારાત્મક એવી લાગણીઓ, વિચારો અને ભાવનાઓનું વહન નિરંતર ચાલું જ હોય છે. આ વહેણમાં નકારાત્મકતા હકારાત્મકતા પર હાવી થતા અટકાવવાની પ્રક્રિયા એટલે આત્મમંથન. બીજા શબ્દોમાં કહીએ તો આત્મચિંતન.

કોઈએ કહ્યું છે, ‘ માણસ માત્ર ભૂલને પાત્ર.’ કોઈ માનવી એવો ના હોય જેનાથી ભૂલ ન થાય. મહત્વનું એ છે કે ભૂલનો અહેસાસ થાય. અહેસાસ પછી સાચું પ્રાયશ્ચિત અને પછી એ સુધારવાનો સક્રિય પ્રયત્ન. આ ત્રણે તબક્કામાંથી આત્મચિંતન કરીને જ પસાર થવાય. માનવી આજીવન વિદ્યાર્થી જ રહે છે. જીવનનાં દરેક તબક્કે તેણે કંઈ ને કંઈ શીખતા જ રહેવાનું હોય છે. શીખવાની પ્રક્રિયાનું ઉત્તમ પરિણામ ત્યારે જ મળે જ્યારે માનવી એને આત્મચિંતનની ચાળણીમાં  ચાળે.

આત્મચિંતનની પ્રક્રિયાને જો આધ્યાત્મિક સ્તરે લઈ જવાય તો દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરી, ઈશ્વર પ્રાપ્તિના માર્ગે આગળ વધી શકાય છે. ભગવાન ગૌતમ બુધ્ધ અને ભગવાન મહાવીર સ્વામી એના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બંને રાજવી પરિવારમાં જન્મ્યાં હોવા છતાં એમનાં મનમાં ચાલી રહેલાં મનોમંથનથી મનાં ઊઠેલાં પ્રશ્નોનાં ઉત્તર મેળવવા સંસાર ત્યાગીને નીકળી પડ્યાં. જેના પરિણામ સ્વરૂપ એ દિવ્ય કક્ષા પ્રાપ્ત કરી ભગવાન બુધ્ધ દ્વારા બુધ્ધ ધર્મની સ્થાપના થઈ. ભગવાન મહાવીર સ્વામીએ ‘ અહિંસા પરમો ધર્મ ‘ નું સુત્ર આપ્યું. તેઓ જૈન ધર્મના ૨૪ મા ને છેલ્લા તીર્થંકર બન્યા.

આનાથી વિપરીત ઈતિહાસમાં એવા પણ દ્રષ્ટાંત છે જેમાં અધર્મના માર્ગે વળેલી વ્યક્તિ આત્મમંથન દ્વારા સદમાર્ગે વળે છે. કોઈ ખૂંખાર ડાકૂ (દા.ત. જગ્ગા ડાકૂ) કે કોઈ લુંટારો દા.ત. વાલિયો લુંટારો. લુંટ માટે રોકેલા સપ્તર્ષિ ઋષિઓના એક પ્રશ્નનો ઉત્તર મેળવવા જતા એને આત્મજ્ઞાન લાધ્યું અને વર્ષો સુધી કઠોર તપશ્ચર્યા કરી વાલ્મીકિ ઋષિ બન્યાં અને રામાયણ જેવા મહાન ગ્રંથની રચના કરી.

આ તો થઈ વાત ઈતિહાસનાં પ્રસિદ્ધ ઉદાહરણોની પરંતુ સામાન્ય માનવીએ પણ પોતાનું જીવન સરળ બનાવવા ને સાચા અર્થમાં સુખશાંતિ મેળવવા માટે આત્મચિંતનની પ્રક્રિયા કરતા રહેવી અનિવાર્ય છે. જીવન સાથે ચાલતી શ્વાસોશ્વાસની પ્રક્રિયા જેટલી જ નિરંતર આત્મચિંતનની પ્રક્રિયા પણ જીવનમાં ચાલતી રહેવી જોઈએ. આત્મા જ આપણો સાચો પથદર્શક છે. એના દ્વારા થતું મંથન કે ચિંતન જ માનવીય જીવન માટે સચોટ માર્ગદર્શન પુરવાર થાય છે.

રત્ના જરીવાલા.(વિદૂષી)
( મુંબઈ)
(૨૬/૦૨/૨૦૨૩)

---

**(વિદેશનું અવનવું ). મુકુર માંકડ (નોર્થ કેરોલિના અમેરિકા )**

**વાત કરવી છે**
**બેસ ને જરા બે ઘડી,**
**મારે તારી સાથે વાત કરવી છે,**
**કેટલાં વખતથી કોઈને નથી જોયાં,**
**બધાં જાણે અદ્રશ્ય થઈ ગયાં,**
**આજે તું મળ્યો તો તારી સાથે,**
**જૂની વાતોની ખાણ ખોદવી છેપમારે તારી સાથે વાત કરવી છે**
**યાદ છે એ દિવસો જ્યારે આપણે બધાં,**
**ભેગા થઈને કંઈ પણ વાત પર ખૂબ હસતાં,**
**હસતા હસતાં તો આંખોમાં પાણી આવી જતાં,**
**પાછી એ બધી પળોને મારે જીવંત કરવી છેપ. મારે તારી સાથે વાત કરવી છે**
**કેવો મનનો મેળાવડો કરતાં આપણે,**
**ન કોઈને ખીજ ચડે કે ન કોઈને ખોટું લાગે,**
**જેને જે કહેવાનું મન થાય એ બિનધાસ્ત કહી નાંખે,**
**ફરી પાછાં એ મેળામાં ચકડોળની સવારી કરવી છેપ.મારે તારી સાથે વાત કરવી છે**
**આ WhatsApp નાં વાયદા અને Facebook નાં likes,**
**એકદમ લાગણીવિહિન અને સાવ બોદાં લાગે છે,**
**સાચું કહું તો ફરી પાછાં ચા ની લારી પર સાથે બેસીને કટિંગ ચા ની ચૂસકી માણવી છે,..અનેપ.દોસ્તપ**
**આ શ્વાસ ખલાસ થાય એ પહેલાં ખૂબ હસી હસીને ફરી પાછા હાંફી જવું છેપ..મારે તારી સાથે વાત કરવી છે**
**-શ્વાસ**
**મુકુર માંકડ**
**(નોર્થ કેરોલિના અમેરિકા )**

---

**વિદેશનું અવનવું - અતુલ ગુસાણી (દુબઇ )**

**મારી માતૃભૂમી  માંડવી-કચ્છ (ગુજરાત-ભારત )ના સ્થાપનાદિન પર રચેલી મારી એક સ્વરચના**

**શમી સાંજ એક માંડવી ની,**
**તળાવ ની પાળ પર બેસી,**
**હું શૈશવ મારુ નિહાળું છું;**
**.......શમી સાંજ ના....**
**જી.ટી. સ્કૂલ થી લઈ ને ખી. રા. સ્કુલ સુધી ની સફર ને મમળાવુ છુ,**
**......... શમી  સાંજ ના..**
**માત-પીતા ,ભાઈભાડુંઓ  અને મિત્રો ની માયા મમતા ની યાદો ને વાગોડું છુ;**
**...... શમી સાંજ ના....**
**સ્કુલ થી આવી, ને ફેંકી ને દફતર ને એક કોર,**
**મા ધરતી નો ખાડો ખૂંદવા, મિત્રો ની ટોળી ની સાથે રખડવાની ક્ષણો ની યાદો તાજી કરું છું,**
**...શમી સાંજ ના....**
**મા રુકમાવતી ની યાદ મા,સાગર ના નીર આંખો મા વહાવું છું;**
**......શમી સાંજ ના.....**
**હે મા માંડવી... શુ કહુ તારી યાદ મા ન જાણે હું કેટલા અશ્રુઓ હું વહાવું છું......**
**......શમી સાંજ ના......**
**માંડવી પ્રત્યે ની આ મમતા તો ના કદી ખૂટશે લગીરે,**
**કે ન આ મારં કાવ્ય કદી પૂર્ણ થશે,**
**બસ એટલું કહી ને હું વિરમું છું દોસ્તો.......**
**કે.... શમી સાંજ ના......**
**-અતુલ ગુસાણી (દુબઇ )**

---

**રકાબી**
**ફરી આવશે કાલ દ્વારે ટપાલી,**
**ફરીથી તને મેં લખ્યો ખત જવાબી.**
**તમે ચા પીવાને હજી પણ ન આવ્યા,**
**નિહાળું પ્રતીક્ષા ભરેલી રકાબી !**
**નવાઈ હતી એ ભૂલો ત્યાં પડયો છું,**
**અહીં આટલામાં ગલી છે તમારી.**
**ધવલ આ દીવાલે ચાતર્યો તિરંગો,**
**પછી બાળકોએ દીધી છે સલામી !**
**નદી, આભ, વાયુ, ધરા ને અગન છે,**
**અહીં ચીજ કોઈ નથી રે નકામી.**
**હરીશ જસદણવાળા (રાજકોટ )**

---

**પીંજરના પંખી**
**પીંજરના પંખી ન થાવું**
**હો રામ મારે પીંજરના  પંખી ન થાવું;**
**ખૂલ્લા આકાશમહીં નિર્ભય બનીને,**
**ગીત નિજ ઉરનું જ ગાવું;**
**ઉડતાં આ ફૂલ કેરા ટોળાં મહીં,**
**મારે પણ સહેજ ભળી જાવું----હો રામ મારે**
**ક્યારેક બેસું હું સરોવરની પાળે,**
**ને ક્યારેક તરુવરની ઉંચેરી ડાળે;**
**મંદિરનાં આંગણાના ઉંચા ચબૂતરે,**
**બેસીને હરિ ગીત ગાવું-------હો રામ મારે**
**લગની આ લાગી છે,અંતરની શોધ કેરી પ્યાસ હવે જાગી છે;**
**ઘોર અંધારાને ભેદીને દૂર,મારે ઉંચી ઉડાન ભરી જાવું----હો રામ મારે**
**કૌશિક અ જોષી (વડોદરા)**

---

## ઘરેલૂ હિંસાના ૪.૭૧ લાખ કેસ પેન્ડિંગ, સરકાર તાત્કાલિક પગલાં ભરે : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૬

સુપ્રીમ કોર્ટે ઘરેલૂ હિંસાને લઈને પેન્ડિંગ કેસો મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. સાથે જ કેન્દ્રને કહ્યું છે કે આ પ્રકારના મામલાઓના નિરાકરણ માટે અને મહિલા સુરક્ષાના કાયદાના અમલમાં જે મુશ્કેલીઓ આવી રહી છે તેના ઉકેલ માટે રાજ્યોના સચિવોની સાથે બેઠક યોજવામાં આવે. કોર્ટે કહ્યું હતું કે જુલાઇ ૨૦૨૨ સુધીમાં દેશમાં ઘરેલુ હિંસાના ૪ ચાખ ૭૧ હજાર કેસો પેન્ડિંગ હતા જે બહુ જ દુઃખદ છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની સાથે મળીને મહિલાઓ પર અત્યાચાર અટકાવવા માટે યોગ્ય દિશામાં પગલા લેવા લે. સુપ્રીમ કોર્ટે ઘરેલૂ હિંસા કાયદા અંતર્ગત સંરક્ષણ અધિકારીઓની નિમણૂકનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે તેની સંખ્યા નિરાશાજનક છે. ન્યાયાધીશ એસઆર ભટ અને ન્યાયાધીશ દીપાંકર દત્તાની બેંચે કહ્યું હતું કે એક જિલ્લામાં આવા એક જ અધિકારીનું હોવુ પુરતુ નથી. કેમ કે આવા એક અધિકારીની પાસે ૫૦૦થી ૬૦૦ મામલા આવતા હોય છે. આ પરિસ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવને આદેશ આપ્યો હતો કે તેઓ તાત્કાલીક દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સચિવોની બેઠક બોલાવે અને આ મામલે ચર્ચા કરી નિરાકરણ લાવે. આ બેઠકમાં નાણા, ગૃહ અને સામાજિક ન્યાય મંત્રાલયના સચિવો ઉપરાંત નેશનલ કમિશન ફોર વુમન એન્ડ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (એનએએલએસએ)ના પ્રતિનિધિનો પણ સમાવેશ કરવામાં આવે. આ બેઠક ત્રણ સપ્તાહની અંદર બોલાવવામાં આવે. સરકાર આ બેઠકમાં મહિલાઓની સુરક્ષા માટેના કાયદાઓનો કડક અને તાત્કાલીક અમલ કરવાની દિશામાં યોગ્ય પગલા લે, સાથે જ જે કેસો પડતર છે તેનું પણ ઝડપથી નિરાકરણ લાવવામાં આવે.

વી ધ વુમન ઓફ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા મહિલાઓ પરના ઘરેલુ હિંસાના મામલાઓના નિરાકરણ અને મહિલા સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી.

NEWS OF GANDHINAGAR_P-3




ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા "રામરાજ્ય અને ભારતીય બંધારણ" વિષય પર સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ અધિવક્તા અને ન્યાયવિદ તરીકે જાણીતા શ્રી અશ્વિની ઉપાધ્યાયજી ના જાહેર વ્યાખ્યાન નો કાર્યક્રમ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ રવિવારે, સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે સભાગૃહ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે યોજાઇ ગયો. જેમાં ૨૪૦ જેટલા પ્રબુદ્ધજન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અશ્વિનીજીનું અભિવાદન પ્રાંતના કાર્યકારી અધ્યક્ષ શ્રી સુનિલભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું. પોતાના વક્તવ્યમાં શ્રી અશ્વિનીજીએ નીચે મુજબના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો.

૧) રામરાજ્ય એટલે શું? બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ ભારતીય બંધારણ દ્વારા તેને કેવી રીતે લાગુ પાડી શકાય?

૨) ઈન્ડિયન પીનલ કોડ ની તર્જ પર દેશના તમામ નાગરિકો માટે સમાન ઈન્ડિયન સિવિલ કોડની રચના

૩) ભ્રષ્ટાચાર વિરુદ્ધ સખત કાયદા બનાવીને દેશના જીડીપીમાં ૨% નો વધારો થઈ શકે.

૪) સરકાર રિનેમિંગ કમીશન બનાવીને દેશના તમામ સ્થળોના મૂળ નામ ફરી પાછા પ્રસ્થાપિત કરે જે આક્રંતાઓ દ્વારા બદલવામાં આવ્યા હતા

૫) દેશના દરેક નાગરિકોએ પોતાના વિસ્તારના ધારાસભ્યો તથા સાંસદોને દેશહિત માટે જરૂરી એવા કાયદા લાગુ પાડવા માટે રજુઆત કરવી જોઈએ.

શ્રી અશ્વિનીજીના વકતવ્યને શ્રોતાઓ દ્વારા વારંવાર તાળીઓના ગડગડાટ સાથે વધાવી લેવામાં આવ્યું. સમાપનવિધિ ભારતીય વિચાર મંચ ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ શ્રી પ્રવીણ વાટલીયા દ્વારા થઈ. અંતે કાર્યક્રમની પૂર્ણાહુતિ વંદે માતરમ ગાન સાથે થઈ.




આજરોજ માલપુર તાલુકાના નાનાવાડા હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ યોજાયો.. આ કાર્યક્રમમાં માં બાયડ માલપુર ના લોકલાડીલા ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, માલપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સંજયભાઈ પટેલ , સામાજિક અને ન્યાય સમિતિના ચેરમેનશ્રી રાજન પ્રણામી , તાલુકા સદસ્યો , સરપંચશ્રીઓ , ગ્રામજનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા.. આ પ્રસંગે ૧૦ અને ૧૨ માં ધોરણ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને આગામી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી..

## વિકાસના પાંચ સ્તંભ આધારિત કરબોજ વિહીન ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાને આગળ ધપાવતા બજેટને આવકારતા ડો. વલ્લભભાઈ કથીરિયા

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ને અભિનંદન

ગુજરાત સરકારના ૨૦૨૩ - ૨૪ ના સર્વાંગીણ વિકાસની કેડીને કંડારતા, સર્વગ્રાહી, સર્વસ્પર્શીય અને પાંચ વર્ષના રાજ્યના વિકાસના રોડ મેપ સહિતના બજેટને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો.વલ્લભભાઈ કથીરિયાએ સહર્ષ આવકારી અનેકવિધ યોજનાઓને કાર્યાન્વિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.ડોક્ટર કથીરિયા એ ૩.૧ લાખ કરોડના અત્યાર સુધીના સીમાચિહ્ન રૂપ બજેટનું વિશ્લેષણ કરવા જણાવ્યું હતું કે કૃષિ, આરોગ્ય અને શિક્ષણ, આદિવાસી, સમાજ કલ્યાણ, પ્રવાસન, વન, પર્યાવરણ અને ઉદ્યોગ માટે વિશેષ બજેટ ફાળવી ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવી છે. છતાં પ્રજા પર કોઈ નવો બોજ નાખ્યો નથી, જે બજેટની વિશેષતા છે.આયુષ્યમાન મા યોજના હેઠળ સહાયની રકમ ૦૫ લાખથી વધારે ૧૦ લાખ સુધી વધારે નિઃશુલ્ક સારવાર માટે રૂપિયા ૧૬૦૦ કરોડ, આરોગ્ય સેવાઓ માટે રૂપિયા ૯૨૬૩ કરોડ, આદિવાસી વિસ્તારમાં ૦૩ નવી મેડિકલ કોલેજો માટે રૂપિયા ૧૩૦૦ કરોડ ફાળવવા બદલ સરકારને અભિનંદન પાઠવ્યા છે. નિરાધાર વૃદ્ધો માટે રૂપિયા ૧૩૪૦ કરોડ, દિવ્યાંગ પેન્શન યોજના માટે રૂપિયા ૫૮ કરોડ અને મનોવિકલાંગ બાળકો માટે રૂપિયા ૬૦ કરોડની માતબર જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. શ્રમિક બસેરા માટે રૂપિયા ૫૦૦ કરોડ શ્રમિકોને અન્નપૂર્ણા યોજના માટે રૂપિયા ૮૫ કરોડની જોગવાઈ આવકારદાયક છે. યુવાનોને સ્ટાર્ટઅપ પ્રોત્સાહન માટે રૂપિયા ૭૦ કરોડ, મનરેગા માટે ૧૬૯૧ કરોડ ફાળવવા બદલ અભિનંદન.ખેડૂતોને વિવિધ ઓજારો માટે ૬૧૫ કરોડ, ફેન્સીંગ માટે ૪૦૦ કરોડ, પ્રાકૃતિક કૃષિ અર્થે ગાય નિભાવ ખર્ચ પેટે રૂપિયા ૨૦૩ કરોડ, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણીને ડો. કથીરિયાએ આવકારી ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા છે.

# પશ્ચિમ બંગાળમાં સમસ્ત મહાજનની જીવદયા પ્રવૃત્તિઓનો વ્યાપ વધારાશે

# દિલ્લી ખાતે ધારાસભ્ય શ્રીમતી શ્રીરૂપા મિત્રા ચૌધરી સાથે ગિરીશભાઈ શાહની મુલાકાત થઇ



બંગાળની સરહદે આવેલા માલદા જિલ્લાના અંગ્રેજી બજારના ભાજપના ધારાસભ્ય, નિર્ભયા દીદી તરીકે પ્રસિદ્ધ નિડર અને લડાયક વ્યક્તિત્વ ધરાવતા શ્રીમતી શ્રીરૂપા મિત્રા ચૌધરીએ એનિમલ વેલફેર બોર્ડના વરિષ્ઠ સભ્ય ગિરીશભાઈ શાહ સાથે રાષ્ટ્રવાદ, પશુ કલ્યાણ, ગાય વિશે વિગતવાર વાતચીત કરી હતી. પ્રતિનિધિમંડળમાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યો મધ્યપ્રદેશના ગૌ વ્રતી શ્રેષ્ઠી રામકૃષ્ણ રઘુવંશી, ભારત સરકારના પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર સમિતિના સભ્ય મિતલ ખેતાણીએ ભાગ લીધો હતો.

ખાસ કરીને સરહદી વિસ્તારોમાં વન્ય પ્રાણીઓનું રક્ષણ કેવી રીતે કરવું, પશ્ચિમ બંગાળમાં સમસ્ત મહાજનની તમામ સુપ્રવૃતિઓ, પશુ સારવાર એમ્બ્યુલન્સનું વિસ્તરણ વગેરે વૈશ્વિક સંસ્થાના વ્યાપને કેવી રીતે વધારવો તે અંગે મહત્વની અને નિર્ણાયક ચર્ચા થઈ હતી.

શ્રીરૂપા મિત્રા ચૌધરીજીએ ૨૦૦૪ માં રાષ્ટ્રીય કાનૂની સાક્ષરતા મિશનના પ્રારંભમાં ભાગ લીધો હતો. ૨૦૦૮ સુધી, તેમણે કાયદા અને ન્યાય મંત્રાલયના રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળના રાષ્ટ્રીય સલાહકાર તરીકે સેવા આપી હતી. ૨૦૧૦ સુધી તે દર્દ સુદિનાલયના પ્રમુખ હતા.કોલકાતામાં નિર્ભયા દીદી તરીકે ઓળખાતા તેઓ બળાત્કાર પીડિતોના પુનર્વસન અને મહિલાઓને શૌચાલય પ્રદાન કરવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા હતા.

તેણીએ ૨૦૧૨ના દિલ્હી ગેંગ રેપ બાદ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા રચાયેલ મહિલાઓ સામે બળાત્કાર, ટ્રાફિકિંગ અને હિંસા પર વિશેષ ટાસ્ક ફોર્સની અધ્યક્ષતા કરી હતી.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, તેમણે ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર માલદા દક્ષિણ બેઠક પરથી ચૂંટણી લડી હતી. પરંતુ અબુ હાસિમ ખાન ચૌધરી સામે ઓછા અંતરથી હારી ગયા.

૨૦૨૧ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં, ચૌધરીએ અંગ્રેજી બજારથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને સ્ઝમાંથી તેમના નજીકના હરીફને હરાવીને બેઠક જીતી હતી.

શ્રીમતી શ્રીરૂપા મિત્રા ચૌધરી સાથે ભારત સરકારનાં એનિમલ વેલફેર બોર્ડના વરિષ્ઠ સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહની મુલાકાત થતા તેમણે પશ્ચિમ બંગાળમાં સમસ્ત મહાજનની જીવદયા પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની ચર્ચા કરી હતી. વૈશ્વિક સ્તરે જન, જળ, જંગલ, જમીન અને જનાવરની સુખાકારી માટે કાર્યરત સંસ્થા સમસ્ત મહાજનની જીવદયા અને સેવાકીય પ્રવૃતિઓનો લાભ હવે સમગ્ર દેશ ઉઠાવી શકે તે હેતુ સાર્થક થવા જઈ રહ્યો છે.

### આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ (IYoM) ૨૦૨૩ અંતર્ગત 1 Guj Bn, Ahmedabad NCC Group દ્વારા રેલી યોજાઈ







**24th of February 2023 ના દિવસે 1 GUJ BN, Ahmedabad NCC ગ્રુપના ૨૦૦ કેડેટ દ્વારા પ્રાચીન અનાજ (બાજરી, જુવાર, રાગી, રાજગરો, સામો,સનવા જેવા અન્ય અનાજ)ના પ્રચાર પ્રસાર તેમજ તેના દ્વારા શરીરની પોષણક્ષમતા તથા પર્યાવરણ ઉપર તેની અસર તેમજ અત્યારના જીવનમાં ખાદ્યસુરક્ષાના તમામ સ્તર અને સંદર્ભ અંતર્ગત આવરી લેતી તમામ માહિતી ''રેલી આયોજીત કરી'' તે ''રેલીના માધ્યમથી'' સમાજને ઉપયોગી મહત્વપૂર્ણ સંદેશનો પ્રચાર પ્રસાર કરવાનું દેશ અને સમાજના હિત નું કાર્ય આયોજનબદ્ધ રીતે પૂર્ણ કર્યું.**

# જાયન્ટ્સ ચાણસ્મા અને જાયન્ટ્સ સહિયર નો પદગ્રહણ - શપથવિધિ અને દિવ્યાંગોને ટ્રાઈસિકલ વિતરણ સમારોહ યોજાયો

રિપોર્ટ નિખીલ જોષી પાટણ બ્યુરો



જાયન્ટ્સ ચાણસ્મા અને જાયન્ટ્સ સહિયર સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા મોખરાનું સ્થાન ધરાવે છે. અનેક સેવાકીય પ્રવૃત્તિઓ પ્રકલ્પે અને પ્રોજેક્ટ દ્વારા ૨૦૨૨-૨૩નાં નવીન હોદેદારો માટેનો પદ ગ્રહણ અને શપથ વિધિ સમારોહ તથા દિવ્યાંગ સહાયતા અભિયાન અંતર્ગત ટ્રાયસિકલ વિતરણ કાર્યક્રમ તા.૨૬/૨/૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ કલાકે હરસિદ્ધિ ધામ, રૂપપુર મુકામે યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી સેવાલાલ એમ. જૈન,આશીર્વચન યોગાચાર્ય શ્રી ગાંડાભાઈ જે. પટેલ(મામા),મુખ્ય મહેમાન તરીકે બીપીનભાઈ એ. પટેલ પ્રમુખ જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન-૧, ઈશ્વરભાઈ એન.પટેલ જાયન્ટ પીપલ્સ ફાઉન્ડેશનના વી પી, નાગરિક બેંક ચાણસ્મા ના પૂર્વ પ્રમુખ વિશાલભાઈ બી.પટેલ, કોમર્શિયલ બેંક ચાણસ્મા ના પ્રમુખ નીલેશભાઈ કે.પટેલ, સંજયભાઈ ભાવસાર તેમજ નટવરભાઈ કે.દરજી ડિસ્ટ્રિક ડાયરેક્ટર જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન -૧ ની હાજરીમાં યોજાયો હતો.જાયન્ટસ ચાણસ્માના નવનિયુક્ત પ્રમુખ પદેશ્રી રાહુલભાઈ ડી.સુખડીયા અને સહિયર ગ્રુપમાં શ્રીમતી મંજુલાબેન ડી.પટેલની વરણી થઈ હતી.નવીન વરાયેલા હોદેદારોએ હોદ્દા નું ગૌરવ અને ગરિમા જાળવવા માટેના શપથ લીધા હતા. નારણભાઈ આર. રાવળ તથા શ્રીમતી મંજુલાબેન ડી.પટેલે પોતાના ગ્રૂપના વાર્ષિક અહેવાલ રજૂ કર્યા હતા. રાહુલભાઈ એ સૌના સાથ અને સહકાર થી ગ્રુપ ને આગળ લઈ જવાનો સંકલ્પ લીધો હતો.સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું. ઈશ્વરભાઈ એ જયન્ટ્સની પ્રવૃતિઓ અને દિવ્યાંગ સહાયતા અભિયાન અંગે વિગતે ચર્ચા કરી હતી.આ પ્રસંગે ત્રણ લાભાર્થીઓને ટ્રાયસિકલ આપવામાં આવી હતી.પૂર્વ પ્રમુખ શ્રી વસંતભાઈ પટેલે સ્વાગત પ્રવચન રજૂ કર્યું હતું .આ પ્રસંગે મેહમાનોને આવકાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.મોટી સંખ્યામાં ગ્રુપના મેમ્બરો હાજર રહ્યાં હતાં.કાર્યક્રમ ખૂબ સુંદર, રોચક અને પ્રેરક રહ્યો હતો.સર્વેના સાથ અને સહકાર થી કાર્યક્રમ સુચારુ રીતે સંપન્ન થયો હતો.

આ પ્રસંગે મૃત્યુ બાદ પોતાના દેહનું દાન કરનાર દેહદાતા શ્રી અમૃતલાલ પટેલ ના દેહદાન ના આ સંકલ્પ ને જાહેરમાં બિરદાવવામાં આવ્યો હતો.શ્રી અમૃતલાલ પટેલ ખારીઘારીયાલ ગામના પ્રતિષ્ઠિત પટેલ પરિવારના મોભી અને સેવાભાવી સામજિક કાર્યકર તરીકે જાણીતા છે. પત્રકાર ના વ્યવસાય સાથે જોડાયેલા છે. નિભાવ ન્યુઝ પેપર ના તેઓ જાણીતા પત્રકાર છે.એક તટસ્થ અને જાગૃત ખબરપત્રી ની ભૂમિકા તેઓ અદા કરી સમાજ સેવાનું ઉમદા કાર્ય તેઓ કરી રહ્યા છે.દેહદાન ની ઉમદા ભાવનાને સમગ્ર પંથક ના લોકો મુક્ત મને બિરદાવી રહ્યા છે? શ્રી અમૃતલાલ પટેલ નું આ ક્રાંતિકારી અને ઐતિહાસિક કદમ આવનારી પેઢી માટે પ્રેરણા રૂપ બની રહેશે. એવું મનાય રહ્યું છે. સભાનું સંચાલન ચંદુભાઈ એન. પટેલ અને ચંદુભાઈ આર પટેલ દ્વારા સુંદર અને સફળતાપૂર્વક થયું હતું. આભાર વિધિ સોમાભાઈ વી. દેસાઈ પૂર્વ પ્રમુખશ્રી પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવી હતી. અને છેલ્લે સમૂહ ભોજન લઈને કાર્યક્રમને પુર્ણ જાહેર કરેલ.



**ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષશ્રી સી.આર. પાટીલજી એ શ્રી કલ્યાણરાયજી મંદિર ખાતે પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ શ્રી ના પુત્ર પ.પૂ.ગો.૧૦૮ શ્રી શરણમકુમારજી ના લગ્ન પ્રસ્તાવ નિમિત્તે શુભેચ્છા મુલાકાત તથા પિતૃ ચરણના નાદુરસ્ત તબિયતના ખબર અંતર પૂછ્યા**

## ગૌસેવા—જીવદયા ક્ષેત્રે અનેકવિધ જાહેરાતો કરવા બદલ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી તથા પશુપાલન મંત્રીશ્રીનો આભાર માનતા એનીમલ વેલફેર બોર્ડનાં ગિરીશભાઈ શાહ, મિતલ ખેતાણી

ગુજરાત સરકારનાં વર્ષ–૨૦૨૩–૨૦૨૪ ના બજેટમાં કૃષિ, પશુપાલન અને પ્રાકૃતિ ખેતી સંલગ્ન શિક્ષણ, વિસ્તરણ તથા સંશોધન અંતર્ગત લેબ ટુ લેન્ડના એપ્રોચ સાથે કૃષિ યુનિવર્સિટીઓ, કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનીક એગ્રીકલ્ચરલ યુનિવસિટી કાર્યરત છે.

આ યુનિવર્સિટીઓમાં માળખાકિય સગવડોનાં વિકાસ, શૈક્ષણીક કાર્ય અને સંશોધન માટે ૧૧૫૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, પશુપાલન ક્ષેત્રે ગૌશાળા, પાંજરાપોળોને અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના અને ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે ૧૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય માટે ૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકિય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ–૧૯૬૨ ની સેવાઓ મો ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તથા રાજયમાં ૧૫૦ નવા પશુ દવાખાના શરૂ કરવા માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



જળ, જમીન, જગંલ, જનાવર ની સુખાકારી માટે કાર્યરત સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ, મિતલ ખેતાણી ગૌસેવા–જીવદયા ક્ષેત્ર અનેકવિધ જાહેરાતો કરવા બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તથા પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલનો આભાર વ્યકત કર્યો હતો.

### અમદાવાદમાં ક્રિકેટ રમી રહેલા યુવકનું હાર્ટ એટેકથી મોત

અમદાવાદ,તા.૨૬

આજકાલ યુવાનોમાં હાર્ટ એટેક આવવાની ઘટનામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. કોઈ જ બિમારી ન હોય તેમ છતાં લોકોને હાર્ટ એટેક આવી રહ્યાં છે. ચિંતા એ વાતની છે કે રમત રમતા યુવાનો પણ હ્રદયરોગના હુમલાના શિકાર બની રહ્યા છે. ત્યારે અમદાવાદમાં બચત ભવનમાં નોકરી કરતા સરકારી કર્મચારી વસંત રાઠોડનું ક્રિકેટ રમતા મોત થઇ ગયુ છે.

સરકારી કર્મચારીઓની ક્રિકેટ ટુર્નામેન્ટમાં જીએસટી ઓફિસર અને સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત ટીમ વચ્ચેની મેચ દરમિયાન આ ઘટના બની હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4